આજનો સુવિચાર

સમસ્યાની ચિંતા કરવાથી તેનો ઉકેલ આવતો નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૭ જૂનાગઢ તા.૨૨-૧૨-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 7, Junagadh : Date : 22 December, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## કાશ્મીર હુમલામાં પાંચ જવાન શહિદ : ત્રાસવાદીઓનો સફાયો કરવા વ્યાપક સર્ચ ઓપરેશન

જમ્મુ તા.૨૨

ગઈકાલે આતંકવાદીઓએ જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં સેનાના બે વાહનો પર હુમલો કર્યો. આ પહેલા લગભગ ૩.૪૫ કલાકે થયેલા હુમલામાં ત્રણ જવાનો શહીદ થયાના સમાચાર હતા. બાદમાં આ આંકડો વધીને પાંચ થઈ ગયો. આ ઘટના બે જવાન પણ ઘાયલ થયા છે. જેમની સ્થિતિ હાલ ગંભીર છે. ત્રાસવાદીઓનો સફાયો કરવા માટે રાજોરી વિસ્તારમાં વ્યાપક સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહયું છે. સેનાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સૈનિકો અને આતંકવાદીઓ વચ્ચે સામ-સામે અથડામણ થઈ હતી.



શહીદ થયેલા બે જવાનોના મૃતદેહ વિકૃત હાલતમાં મળી આવ્યા હતા. તેમની વચ્ચે ઝપાઝપી થઈ હતી તે વાતને નકારી શકાય તેમ નથી. એવી પણ શક્યતા છે કે આતંકવાદીઓએ જવાનોને શહીદ કર્યા બાદ તેમના હથિયારો લૂંટી લીધા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ હુમલો થાનામંડી-સુરનકોટ રોડ પર ડેરા કી ગલી નામના વિસ્તારમાં થયો હતો. સૈનિકોને લઈને વાહનો સુરનકોટ અને બાફલિયાજ જઈ રહ્યા હતા, જ્યાં સુરક્ષા દળોએ બુધવારે રાત્રે આતંકવાદીઓ વિરુદ્ધ ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સેના આજે ઓપરેશનમાં સામેલ સુરક્ષા દળોનો સંપર્ક કરવામાં સફળ રહી હતી, ત્યારબાદ અહીં વધારાના સુરક્ષા દળો મોકલવામાં આવી રહ્યા હતા. એક મહિનાથી ઓછા સમયમાં આ વિસ્તારમાં સેના પર આ બીજો આતંકવાદી હુમલો છે. આ પહેલાં ૨૨ નવેમ્બરે રાજૌરીમાં એન્કાઉન્ટરમાં ૫ જવાનો શહીદ થયા હતા.

## નાતાલની ભેટ : કોમર્શીયલ એલપીજી સિલિન્ડરનાં ભાવમાં રૂા.૩૯.૫૦નો ઘટાડો કરાયો

નવી દિલ્હી તા.૨૨ : કેન્દ્ર સરકારે નવા મહિનાની શરૂઆત પૂર્વે જ રાંધણગેસ વપરાશકર્તાઓને રાહત આપી તેમ કોમર્સીયલ ગેસ સીલીન્ડરનાં ભાવમાં રૂા.૩૯.૫૦નો ઘટાડો કરવામાં આવ્યો છે.ઘર



વપરાશનાં રાંધણગેસનાં ભાવમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી. સામાન્ય રીતે નવા મહિનાના પ્રારંભે રાંધણ ગેસનાં ભાવમાં બદલાવ કરવામાં આવતો હોય છે. પરંતુ નાતાલની ગીફ્ટ આપવામાં આવી હોય તેમ ૧૯ કિલોનો કોમર્સીયલ ગેસનો બાટલો રૂા.૩૯.૫૦ સસ્તો કરી દેવામાં આવ્યો છે. આ ભાવ ઘટાડા સાથે પાટનગર દિલ્હીમાં તેની કિંમત રૂા.૧૭૫૭ થઈ ગઈ છે. કોલકતામાં ૧૮૬૮.૫૦, તથા મુંબઈમાં રૂા.૧૭૪૯ થયા છે. અત્રે ઉલ્લેખનીય છે ગત ૧ ડીસેમ્બરે કોમર્શીયલ રાંધણગેસનાં ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. ૧૬ નવેમ્બરે પણ ભાવમાં ૧૦૦ રૂપિયાનો વધારો કરાયો હતો. તેલ કંપનીએ દ્વારા ઘર વપરાશનાં રાંધણગેસ સીલીન્ડરનાં ભાવમાં કોઈ બદલાવ કરાયો નથી. પાટનગર દિલ્હીમાં તેનો ભાવ રૂા.૯૦૩ છે. દેશમાં આગામી વર્ષે ચૂંટણી છે તે પુર્વે મોંઘવારી દર નીચો આવે તે માટે કેન્દ્ર સરકાર એક પછી એક કદમ ઉઠાવી રહી છે.

## ચેક ગણરાજયની ચાર્લ્સ યુનિ.માં અંધાધુંધ ફાયરીંગ ૧૫ વિદ્યાર્થીનાં મોત

પ્રાગ તા. ૨૨

ચેક રિપબ્લિકની ચાર્લ્સ યુનિવર્સિટીમાં ગતરાત્રે ફાયરિંગ થયું હતું. પ્રાગ પોલીસના જણાવ્યા અનુસાર ૧૫ વિદ્યાર્થીઓ માર્યા ગયા છે. ૩૦ ઘાયલ છે અને તેમાંથી ૧૩ની હાલત ગંભીર છે. હુમલાખોર પણ માર્યો ગયો હોવાના અહેવાલ છે. ઈમરજન્સી સર્વિસના એક નિવેદનમાં આ ઘટનાની પુષ્ટિ કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા કેટલાક ફૂટેજમાં વિદ્યાર્થીઓ ફાયરિંગ કરીને ભાગતા જોઈ શકાય છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગુરુવારે કોલેજનો છેલ્લો દિવસ હતો અને તે પછી વિદ્યાર્થીઓ ક્રિસમસની રજાઓ પર જઈ રહ્યા હતા. હાલ પોલીસ દ્વારા બિલ્ડિંગને ઘેરી લેવામાં આવી છે. એવું માનવામાં આવે છે કે શૂટર એકલો નહોતો. તેની સાથે કેટલાક અન્ય લોકો પણ હોઈ શકે છે.

અહેવાલ અનુસાર, ઘટનાનું કારણ વિદ્યાર્થીઓ વચ્ચેની પરસ્પર દુશ્મનાવટ હતી. યુરોપિયન યુનિયનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને આ ઘટના અંગે દુઃખ વ્યકત કર્યું છે. ડિસેમ્બર ૨૦૧૯માં પણ અહીં ફાયરિંગ થયું હતું. ત્યારે ૪૨ વર્ષના એક યુવકે ૬ લોકોની હત્યા કરી હતી. હોસ્પિટલના વેઈટિંગ રૂમમાં આ ઘટના બની હતી.

## અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીનાં રોજ માત્ર આમંત્રીત મહેમાનોને જ પ્રવેશ મળશે

અયોધ્યા,તા.૨૨

અયોધ્યામાં શ્રી રામ મંદિરના ઉદ્‌ઘાટન અને અભિષેકને હવે ગણતરીના દિવસો બાકી છે. એવામાં ઉદ્‌ઘાટનની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ દરમિયાન સરકારે આજે મોટો નિર્ણય કર્યો છે.રાજ્ય સરકારે ૨૨મી જાન્યુઆરીએ અયોધ્યામાં તમામ હોટલ અને ધર્મશાળાઓનું પ્રી-બુકિંગ રદ કરી દીધું છે. VVIP સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. માહિતી અનુસાર, અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે ૨૨ જાન્યુઆરીએ હોટેલો અને ધર્મશાળાઓમાં પહેલાથી જ કરાયેલી બુકિંગ રદ કરવામાં આવ્યા છે. આજે સમીક્ષા બેઠક બાદ મુખ્યમંત્રીએ સૂચનાઓ આપી છે. ૨૨ જાન્યુઆરીએ લોકોએ અયોધ્યામાં મોટી સંખ્યામાં હોટલ બુક કરાવી લીધી હતી. VVIP સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ બુકિંગ રદ કરવામાં આવશે. ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં ફક્ત તે જ લોકો રહી શકશે જેમની પાસે ડ્યુટી પાસ અથવા શ્રી રામ તીર્થ ટ્રસ્ટ તરફથી આમંત્રણ પત્ર આપવામાં આવ્યું હશે. આ નિર્ણય અંગે સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે, ૨૨ જાન્યુઆરીના રોજ પ્રાણ પ્રતિષ્ઠા સમારોહના દિવસે કેટલાક લોકોએ સ્થાનિક હોટલ અને ધર્મશાળાઓ બુક કરાવી છે. તેમણે નિર્દેશ આપ્યો કે આને રદ કરવામાં આવે જેથી સરકાર અને પ્રશાસનમાં કોઈ મુશ્કેલી ન આવે, કારણ કે તે દિવસે ભારતથી વિશેષ આમંત્રિતો અયોધ્યા આવશે અને અયોધ્યા એરપોર્ટ પર ૧૦૦ વિમાનો આવવાની સંભાવના છે, તેના ડાયવર્ઝનની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

## મમતા બેનર્જી, લાલુપ્રસાદ, નિતીશકુમારને રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં આમંત્રણ નહી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૨

અયોધ્યામાં રામ લલ્લાના અભિષેકની તૈયારીઓ હવે અંતિમ સ્વરૂપમાં પહોંચી ગઈ છે. આ ભવ્ય ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં આવનાર ખાસ લોકોની યાદી તૈયાર કરવામાં આવી છે અને આમંત્રણો પણ મોકલવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. જ્યારે કોંગ્રેસ પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને વર્તમાન પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે, ત્યારે આ ભવ્ય કાર્યક્રમથી ઘણા મોટા પક્ષોના નેતાઓને દૂર રાખવાની તૈયારીઓ ચાલી રહી છે.

શ્રીરામ જન્મભૂમિ ટ્રસ્ટનાં કામેશ્વર ચૌપાલે જણાવ્યું કે રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદ યાદવ, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને આ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવશે નહીં.

કામેશ્વર ચૌપાલે કહ્યું કે જ્યારે આ નેતાઓને રામમાં વિશ્વાસ નથી તો તેમને આમંત્રણ આપવાનો કોઈ અર્થ નથી. ચૌપાલમાં નામ લીધા વિના તેમણે કહ્યું કે તેમણે આ મુદ્દે ઘણી વખત એક મોટા નેતા સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તેમણે સ્પષ્ટ કહ્યું કે તેમની પાસે રામ મંદિર સંબંધિત કોઈપણ મુદ્દા પર વાત કરવાનો સમય નથી

શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય કામેશ્વર ચૌપાલે કહ્યું કે,અમે સમગ્ર દેશમાં ૨૨ જાન્યુઆરીએ દિવાળી જેવો માહોલ બનાવવાનો પ્રયાસ કરીશું. તે દિવસે દરેક ગામ, નગર અને શહેરના મંદિરોમાં વિશેષ પ્રાર્થના કરવામાં આવશે.

## સમાજમાં મહિલાઓ વિરૂધ્ધ રંગ આધારીત ભેદભાવ ખતમ કરવાની જરૂર
## શ્યામ રંગ મહિલાને છુટાછેડા આપવાનો આધાર બની શકે નહી : છત્તીસગઢ હાઈકોર્ટ

રાયપુર,તા.૨૨: છત્તીસગઢ હાઈકોર્ટ કહ્યુ છે કે કોઈ પણ પતિને પત્નીથી માત્ર એટલા માટે છૂટાછેડાની છૂટના આપી શકાય કે તે કાળા રંગને કારણે પત્નીને પસંદ નથી કરતો હાઈકોર્ટે એક વ્યકિતની છૂટછેડા અરજી ફગાવી લેતા આમ કહ્યું હતું. છત્તીસગઢના બલૌદા બાજાર જીલ્લાની ફેમીલી કોર્ટે પતિની છૂટાછેડાની અરજી રદ કરી હતી તેની સામે તેણે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જસ્ટીસ ગૌતમ ભાદુડી અને જસ્ટીસ દીપકકુમાર તીવારીની ખંડપીઠે કહ્યુ કે શામળી સામે ગોરી ત્વચાને પ્રાથમિકતા આપવાની સમાજની માનસિકતાને પ્રોત્સાહન આપવા પતિને પ્રોત્સાહન ના આપી શકાય. સમાજમાં રંગના આધાર પર મહિલાઓ સામેનાં ભેદભાવ ખતમ કરવાની જરૂર છે. પતિની દલીલ હતી કે પત્નીએ વિનાકારણ ઘર છોડયુ હતુ અને અનેક પ્રયાસો છતાં તે પરત આવી ન હતી. બીજી તરફ પત્નીએ કોર્ટને જણાવ્યુ કે પતિ તેના રંગના કારણે તેની મજાક ઉડાવતો હતો અને તેના માટે અપશબ્દોનો ઉપયોગ કરતો હતો. પતિનાં અત્યાચારોથી ત્રસ્ત થઈને તે અલગ રહેવા લાગી હતી.

## કોંગ્રેસ વર્કીંગ કમીટીની બેઠકમાં પણ ધનખડની મીમીક્રીનો મુદો ઉઠયો

નવી દિલ્હી તા. ૨૨

કોંગ્રેસ મુખ્યાલયમાં યોજાયેલી કોંગ્રેસ વર્કિંગ કમિટિની બેઠકમાં ઉપાધ્યક્ષ જગદીપ ધનખડની મિમિક્રીનો મુદ્દો પણ સામે આવ્યો હતો. આના પર કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ લોકસભા સ્પીકર મીરા કુમારે રાજયસભાના અધ્યક્ષ જગદીપ ધનખડ પર કટાક્ષ કર્યો અને કહ્યું કે આવી પોસ્ટમાં કોઈ રાજનીતિ ન હોવી જોઈએ અને ન તો તેને જાતિ સાથે જોડવી જોઈએ. તેણીએ કહ્યું કે જો રાજ્યસભાના અધ્યક્ષને ખરેખર આટલું ખરાબ લાગ્યું હોય તો હું તેમની જગ્યાએ હોત તો રાજીનામું આપી દેત.

કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠક કોંગ્રેસ મુખ્યાલયમાં મળી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં ચાર કલાક ચાલેલી બેઠકમાં કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી, પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિત ૭૬ સભ્યોએ ભાગ લીધો હતો. બેઠકમાં ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી, વિધાનસભા ચૂંટણીના પરિણામો અને દેશની વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકના અંતે વિપક્ષના સાંસદોને સસ્પેન્ડ કરવાની નિંદા કરતો ઠરાવ પણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો

## દિલ્હીનાં જંતર-મંતર ખાતે વિપક્ષો દ્વારા સરકાર વિરોધી દેખાવો

નવી દિલ્હી તા. ૨૨

સંસદનાં બંને ગૃહોમાં વિપક્ષોનાં ૧૪૬ સાંસદોને સસ્પેન્ડ કરવાના મુદે વિપક્ષોએ આક્રમક વલણ અપનાવ્યું છે અને આજે જંતર-મંતર ખાતે વિપક્ષો દ્વારા સરકાર વિરોધી દેખાવો કરવામાં આવી રહયાં છે. આ દેખાવોમાં રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, શરદ પવાર, સીતારામ યેચુરી, શશી થરૂર, ઉધ્ધવ ઠાકરે સહિતનાં વરીષ્ઠ નેતાઓ ધરણા પ્રદર્શનમાં ઉપસ્થિત છે.

## સિક્કીમમાં પ્રત્યેક ઘરમાંથી એક વ્યકિતને નોકરી મળશે : મુખ્યમંત્રીની જાહેરાત

ગંગટોક તા.૨૨

સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમંગે જણાવ્યું હતું કે તેમની સરકાર ૨૦૨૪માં વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યના દરેક ઘરના એક સભ્યને રોજગાર આપશે. સિક્કિમ ક્રાંતિકારી મોરચાના પ્રમુખ તમંગે પણ મહિલાઓ અને રાજ્ય સરકારના કર્મચારીઓને આકર્ષવા માટે અન્ય ઘણી રાહતોની જાહેરાત કરી હતી. "અમે ૨૦૨૪ માં વિધાનસભાની ચૂંટણી પહેલા દરેક ઘરના એક સભ્યને રોજગાર પ્રદાન કરીશું," નામચી જિલ્લાના રોલુ ખાતે એક જાહેરસભાને સંબોધતા મુખ્યમંત્રીએ આમ કહ્યું હતું.

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ

Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912

શુદ્ધતા નો સ્વાદ એટલે...
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR MINI OIL MILL

જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

ફ્લેટ વેચવાનો છે

2 BHK ડાઈનીંગ, ફ્લેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

હાર્દિક શુભેચ્છા....
કિશોર એકેડેમી સ્કુલ
કિશોર એકેડેમી કેમ્પસ
સરકારી પ્રાથમિક શાળા પાસે,
ટીંબાવાડી, જૂનાગઢ

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

હેવન ઈન્ટીરીયર ફર્નિચર
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
મેરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# વિસાવદર તાલુકાના નાનીપીંડાખાઈ અને ઝાંજેસર ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ગ્રામજનોએ ઉષ્માભેર આપ્યો આવકાર

## તાલુકા પંચાયતનાં પ્રમુખ રેખાબેન સોમાતભાઈ સરૈસીયાનાં અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા ચાલી ગામે-ગામ પ્રવાસ કરીને સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓની જાણકારી અને લાભાર્થીઓને મળવા પાત્ર યોજનાકીય લાભોનું વિતરણ કરી રહી છે. જૂનાગઢ જિલ્લામાં ગામડે-ગામડે વિકસિત ભારત રથયાત્રામાં લોકો ઉત્સાહભેર જોડાઈને રથને આવકારી વિવિધ યોજનાઓની જાણકારી મેળવી વિકસિત ભારત સંકલ્પ રથયાત્રામાં સહભાગી બની રહ્યા છે.

જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના નાની પીંડાખાઈ અને ઝાઝેસર ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું આગમન થતા તાલુકા પંચાયતનાં પ્રમુખશ્રીમતિ રેખાબેન સોમાતભાઈ સરૈસીયા સહીત ગ્રામજનોએ ઉત્સાહભેર આવકારીને રથનું ભવ્ય સ્વાગત





કર્યુ હતું.

રથયાત્રા ઝાજેસર ગામે આવી પહોંચતા અગ્રણીશ્રી સોમાતભાઈ અને ગામનાં સરપંચ જયેશભાઈ ચાંક દ્વારા પ્રાસંગિક વાત કરતા જણાવ્યુ હતુ કે સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ છેવાડાનાં અંત્યોદય પરિવારને મળી રહે અને લોકો યોજનાકીય બાબતોથી માહિતગાર થાય એવા ઉમદા આશયથી પ્રધાનમંત્રી શ્રીનાં આ પ્રયાસને અમે આવકારીએ છીએ. વિસાવદરનાં અંતરિયાળ વિસ્તારનું ૮૩૦ ની જનસંખ્યા ધરાવતુ અમારૂ ઝાંઝેસર ગામ કૃષિ અને પશુપાલન આધારીત ગામ છેગામમાં ઘરે ઘરે નળ સે જળ મળી રહ્યા છે. અમારા ગામમાં વાસ્મો પુરસ્કૃત યોજના સારી રીતે કાર્ય કરી રહી છે. અમારૂ ગામ સ્વચ્છતાનાં માપદંડોને અનુસરી આજે ગ્રામપંચાયતને રથયાત્રામાં વાસ્મોનાં નાયબ મેનેજર શ્રી શૈલેષ પંડીત દ્વારા પ્રમાણપત્ર એનાયત કરાયા છે, કાર્યક્રમ દરમ્યાન આરોગ્ય કેમ્પમાં ગ્રામજનોએ તેમની આરોગ્ય તપાસણી કરાવી હતી. સોઈલ હેલ્થ કાર્ડ અને ડ્રોન દ્વારા નેનો યુરિયાના છંટકાવનું નિદર્શનન કરાયું હતું. ગામની પ્રાથમિક શાળાના બાળકો દ્વારા પ્રાર્થના તથા સ્વાગત ગીતપ્રસ્તુત કર્યુ હતું. કાર્યક્રમમાં 'મેરી કહાની મેરી ઝુબાની' અંતર્ગત પોષણ અભિયાન અંતર્ગત આયુષ્માન કાર્ડપીએમ ઉજ્જવલા યોજનાપીએમ કિશાન સ્વનિધી યોજનાના લાભાર્થીઓએ પોતાની સફળતાની વાત સૌની સમક્ષ પ્રસ્તુત કરી હતી.

મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભો લાભાર્થીઓને અર્પણ કરાયા હતા. આ કાર્યક્રમમાં ઝાંઝેસરનાં ઉપ સરપંચશ્રી જયરાજ વિકમા, સુરેશભાઈ વઘાસિયા, ભરતભાઈ બસીયા, મહેશભાઈ વઘાસિયા, મહેન્દ્રભાઈ કોરાટ, આંકડા અધિકારી રીંકલ પોંકીયા, ભાસ્કરભાઈ, સુપરવાઈજર પુનમબેન સિરોદરીયા, મિશન મંગલમમાંથી આર.બી. મુછડીયા, ગ્રામસેવક આર.બી.સોંદરવા, આરોગ્ય સુપરવાઈઝર કે.જે.રાખોલીયા, યુનિયન બેંકમાંથી યજ્ઞેશ વ્યાસ સહિત ગામોમાંથી પધારેલા અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અખિલ ભારતીય શાળાકીય બહેનોની હેન્ડબોલ રમતમાં ગુજરાતની ટીમે કાસ્ય પદક મેળવ્યો

## અંડર-૧૪ બહેનોની હેન્ડબોલની ટીમમાં કેપ્ટન સહિત ૬ જેટલી ખેલાડીઓ જૂનાગઢ જિલ્લાની

જૂનાગઢ, તા.૨૨

હાલમાં દિલ્હી ખાતે સ્કૂલ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત અખિલ ભારતીય શાળાકીય બહેનોની હેન્ડબોલની રમતમાં ગુજરાતની ટીમે કાસ્ય પદક મેળવ્યો છે.



ગુજરાતની આ સિદ્ધિમાં જૂનાગઢ જિલ્લાનું વિશેષ યોગદાન રહ્યું છે. બહેનોની હેન્ડબોલની ટીમમાં ૬ જેટલી ખેલાડીઓ જૂનાગઢ જિલ્લાની અને ડી.એલ.એસ.એસ. શાળા આલ્ફા વિદ્યાયલની છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના નેતૃત્વ હેઠળ સમગ્ર ટીમ તૈયાર કરવામાં આવી હતી. અંડર-૧૪ આ સ્પર્ધા તા.૧૬-૧૧-૨૦૨૩ થી ૨૩-૧૧-૨૦૨૩ દરમ્યાન યોજાઈ હતી. આ સ્પર્ધા માટેનો ગુજરાત રાજ્યની સમગ્ર ટીમનો પ્રિ-નેશનલ કોચિંગ કેમ્પ જૂનાગઢ ડી.એલ.એસ.એસ. શાળા આલ્ફા વિદ્યાલય – વડાલ ખાતે યોજાયો હતો. જેમાં જૂનાગઢ ડી.એલ.એસ.એસ. શાળા આલ્ફા વિદ્યાલય – વડાલની ૬ બહેનોએ પણ ભાગ લીધો હતો.

ગુજરાતની અંડર- ૧૪ હેન્ડબોલ ટીમની બલદાણીયા અનીષાએ કેપ્ટનની ભૂમિકા ભજવી હતી. ઉપરાંત બલધાણીયા ઈશિતા, બામણીયા નિકિતા, સરવૈયા દક્ષા, સોંદરવા સ્નેહા, સોલંકી પ્રતીક્ષા ખેલાડી તરીકે રમ્યા હતા અને આ ખેલાડીઓના કોચ તરીકે ધ્યાનેન્દ્ર પુરીએ ઉત્કૃષ્ટ ભૂમિકા નિભાવી હતી. આ કાસ્ય પદક વિજેતા ખેલાડીઓને જીલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે અને ડી.એલ.એસ.એસ.શાળા આલ્ફા વિદ્યાલય વડાલના આચાર્યશ્રી પ્રફુલભાઈ પટેલ તથા ટ્રસ્ટી મહેશભાઈ મુંજપરાએ અભિનંદન પાઠવ્યા છે.

## મેરી કહાની મેરી જૂબાની અંતર્ગત લાભાર્થીઓના પ્રતિભાવ

# જનકલ્યાણકારી યોજનાઓનો લાભ મળવાથી લાભાર્થીઓના જીવનમાં સકારાત્મક બદલાવ આવ્યાં

જૂનાગઢ, તા.૨૨

મેરી કહાની મેરી જૂબાની અંતર્ગત પોષણ અભિયાન યોજનાના લાભાર્થી વાવૈયા ધર્મિષ્ઠાબેને તેમને મળતી પુરક પોષણની કીટની વિગતો આપી જણાવ્યુ હતુ કે સંકલીતબાળ વિકાસ યોજના થકી સરકાર અમારી જેવી કીશોરીને જે રીતે પુરક પોષણ માટે સહાય કરે છે તે બદલ હું પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર માનુ છુ.

આયુષ્માન કાર્ડ યોજનાના લાભાર્થી ઝાંઝેસર ગામનાં ભડીંગજી કીરીટજી લક્ષ્મણભાઈએ વાત કરતા જણાવ્યુ કે મારા ભાઈને તબીબી સારવારની જરુર ઉભી થતાં અમે સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે ગયા ત્યાંચાર ઉપરાંત ઓપરેશન કરી મારા ભાઈનું જીવન બચાવી લેવાયુ છે. આમાં અમને આયુષમાનકાર્ડ થીસાહય મળતા એક પણ નાણાનો ખર્ચ કરવો પડ્યો નથી. હું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ભારત સરકારનોઆભાર માનુ છુ. પીએમ ઉજ્જવલા યોજનાના લાભાર્થી પરમાર મનિષાબેને જણાવ્યું હતું કે, અમે લાકડા અને છાણાં બાળીને રસોઈ કરતા હતાં ચોમાસામાં ભેજ ના કારણે રસોઈમાં ખુબ તકલીફ થતી. ચુલાથી થતાં ધુમાડાથી અમારા આરોગ્યને નુકશન થતુ પરંતુ ભલુ કરે પ્રધાનમંત્રીનું કે અમોને ઉજજવલા યોજના અંતર્ગત ગેસનો બાટલો મળ્યો છે જેનાથી અમે ધુમારડા રહીત અને વધુ ઝડપથી રસોઈ બનાવી શકીએ છીએ. મેરી કહાની મેરી જૂબાની' અંતર્ગત પીએમ કિશાન સ્વનિધી યોજનાના લાભાર્થીઓ નરશીભાઈ ભગવાનભાઈ વઘાસિયા અને ગોરધનભાઈ ઘુસાભાઈ વૈશ્નવે પોતાને પીએમ કિશાન સ્વનિધી યોજના અન્વયે પ્રતિ ચાર માસે રૂા. ૨૦૦૦/ ખાતામાં જમા થતાં ખુશી વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે આ નાણા અમોને ખેતી ખર્ચમાં રાહતરૂપ બને છે. અમો સરકારનો આભાર માનીએ છીએ. પ્રધાનમંત્રી અન્નસુરક્ષા યોજનાના લાભાર્થી ભડીંગજી કીરીટજીએ અન્નસુરક્ષા યોજના અંતર્ગત તેમને વિનામુલ્યે અન્ન મળી રહે છે. તે અંગે ખુશી સાથે સરકારનો આભાર માન્યો હતો. પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લાભાર્થી મહેતા ઉમેશભાઈ કેશુભાઈએ જણાવ્યુ હતુ કે અમારે કાચા મકાન હતા. પરંતુ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અમોને હવે પાકુ મકાન મળ્યુ છે. જેનાથી અમારી ચોમાસા અને શિયાળામાં જે મુશ્કેલી પડતી તેમાંથી મુક્તી મળી છે. અમે વડાપ્રધાનનો આભાર માનીએ છીએ.

# જૂનાગઢની જાણીતી વોકીંગ કબલ દ્વારા તુલશીશ્યામ સુધીની સાયક્લ યાત્રા યોજાઈ

જૂનાગઢ, તા. ૨૨

છેલ્લા સતત બે વર્ષોથી અનુક્રમે સોમનાથ તથા દ્વારકાની સફળ સાઈક્લોથોન બાદ મહાનગર જૂનાગઢની જાણીતી વોકીંગ કબલ દ્વારા આ વર્ષે જૂનાગઢથી તુલશીશ્યામ સુધીની આશરે ૧૨૦કિલોમીટરની સાઈકલ યાત્રા તા. ૧૭/૧૨/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ છે. જેમાં જૂનાગઢ, રાજકોટ, અમદાવાદ, ભરૂચ, જામનગર, અંકલેશ્વર જેવા શહેરોમાંથી આશરે ૨૦૦ જેટલા ડોક્ટરો, વકીલો તથા વેપારીઓ જોડાયા હતા. આ યાત્રા લોકો પર્યાવરણ પરત્વે કાળજી દર્શાવે, પર્યાવરણનું સંરક્ષણ જાગૃતિ કેળવે તેવા શુભ ઉદ્દેશથી યોજવામાં આવી હતી તેમજ વોકીંગ કબલની સેવા પરમો: ધર્મની પોતાની પરંપરા જાળવી રાખવાના હેતુથી તુલશીશ્યામ મંદિર ખાતે તજજ્ઞ ડોક્ટરો દ્વારા વિનામુલ્યે મેડિકલ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતુ જયાં જરૂરીયાતમંદ દર્દીઓને દવા પણ વિનામુલ્યે આપવામાં આવી હતી.

આ યાત્રા તા. ૧૭/૧૨/૨૦૨૩, રવિવારના સવારે ૪.૩૦ કલાકે રેલ્વે સ્ટેશન ચોક ખાતેથી પ્રસ્થાન થયુ હતું તેને ફલેગ ઓફ કરવા માટે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા પોતાની સાઈકલ સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ શુભ ઉદેશ સાથેની યાત્રા સફળ બનાવવાં માટે રાજકોટની જાણિતી આઈ. વી. એફ. નોવા વિંગ્સ હોસ્પિટલ, જૂનાગઢ-ધારી વન વિભાગ, તુલશીશ્યામ મંદિર ટ્રસ્ટ તથા ખજુરીનેશના રહેવાસીઓનો સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ છે. ૨૦૦ જેટલા મોટી સંખ્યામાં સાઈક્લીસ્ટોને મદદરૂપ બનવા જૂનાગઢ વોકીંગ કબલના ૨૦ જેટલા સભ્યો સ્વયંસેવકો બની સમગ્ર યાત્રા દરમ્યાન ખડે પગે રહ્યા હતા આ યાત્રાના આયોજન માટે જૂનાગઢ વોકીંગ કબલના ડો. કેતન પી. ગઢવી, ડો. રક્ષિત પીપલીયા, કલ્પેશભાઈ હિન્ડોચા, સફીભાઈ દલાલ વગેરે સભ્યો જહેમત ઉઠાવી હતી.

# AACA આયોજિત ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૩નો દબદબાભેર થયેલ પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ એડવર્ટાઈઝિંગ સર્કલ એસોસિએશન AACA દ્વારા ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૩નો ઉત્સાહભેર શુભારંભ કરવામાં આવ્યો હતો. ક્રિકેટ કાર્નિવલની આ ૬ઠ્ઠી સીઝનના પ્રારંભે દીપપ્રાગટ્ય સમયે AACAના પ્રમુખ, ઉપપ્રમુખ, સાકરેટરી, ખજનાચી, કારોબારી સભ્યઓ તથા મેમ્બારઓ ઉપસ્થિત રહ્યા, આ કાર્નિવલમાં અભિક એડવેન્ચર્સ, અજિત એથલિટ્સ, અમોલા એવેન્જર્સ, અશ્વિન વિક્ટર્સ, હેત ફીરોઝ, રેક્સ વોરિયર્સ, કૌશિક કિંગ્સ, ખુશી



બ્રિગેડિયર્સ, પીપી પેન્થર્સ, આબાદ પ્રાઈડ્રસ, રાકેશ રોયલ્સ, યલો સ્પોર્ટસ જેવાં પ્રતિષ્ઠિત ટીમ ઓનર્સ છે. AACA ક્રિકેટ કાર્નિવલના પ્રેઝન્ટર્સ સુપ્રસિદ્ધ રેક્સ પેસ્ટ કન્ટ્રોલ કંપની તાથ અસોસિએટ 'આબાદ' ડેરી પ્રોડકટ છે. આ કાર્નિવલમાં સહયોગી અનુમિકી ફાસ્ટ કુક મસાલા, ટી-શર્ટ પાર્ટનર્સ કૃપાલ પાઠશાલા, ટી-પાર્ટનર્સ સી. સોમાભાઈ ક્વોલિટી ચા, તથા સ્કોરિંગ પાર્ટનર્સ તરીકે ક્રિકેટ હીરોઝ એપ જોડાઈ રહ્યા છે. એટલું જ નહીં, આ ધમાકેદાર પ્રારંભ પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા અનો રેડિયો જગતના અગ્રણી મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત હતા.

# જૂનાગઢ જીલ્લાની ઐતિહાસિક વિરાસત એવા ઉપરકોટ ખાતે જીલ્લા કક્ષાની સુર્ય નમસ્કાર સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૨૨

ગુજરાત રાજયના રમત-ગમતયુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર આયોજીત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જુનાગઢ સંચાલીત જૂનાગઢ જિલ્લાકક્ષા સુર્ય નમસ્કાર સ્પર્ધા તા.૨૬/૧૨/૨૦૨૩ના રોજ જુનાગઢ જિલ્લાની ઐતિહાસિક વિરાસત એવા ઉપરકોટ ખાતે આ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં જૂનાગઢ જિલ્લાના ૯ તાલુકાના વિજેતા સ્પર્ધકો ભાગ લેશે. આ જિલ્લાકક્ષાની તથા ૭ નગરપાલિકાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવનાર પુરૂષ અને સ્ત્રી ઉમેદવારને રૂા.૨૧૦૦૦/- દ્વિતીય આવનાર પુરૂષ અને સ્ત્રી ઉમેદવારને રૂા.૧૫૦૦૦/- તૃતીય આવનાર પુરૂષ અને સ્ત્રી ઉમેદવારને રૂા.૧૧૦૦૦/-ની રાશી આપવામાં આવનાર છે. વિજેતાઓને આપવાની થતી રોકડ પુરસ્કારની રકમ ચેક સ્વરૂપે તથા ડી.બી.ટી. માધ્યમથી તેઓના ખાતામાં જમા કરવામાં આવશે.

# કોડીનારમાં એસ.પી.નો લોક દરબાર યોજાયો

## શહેર ને સી.સી. ટી .વી.કેમેરાથી સજ્જ કરાશે તેમજ એક વર્ષમાં કોડીનાર પોલીસ સ્ટેશન ની નવી બિલ્ડિંગ કાર્યરત થઈ જવાની આશા : એસ.પી.મનોહરસિંહ જાડેજા

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૨

કોડીનાર પોલીસ સ્ટેશનમાં જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા નું લોક દરબાર અને વાર્ષિક ઈન્સ્પેક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.





ગીર સોમનાથ જિલ્લા એસ.પી.મનોહરસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયેલ લોક દરબારમાં કોડીનારના અગ્રણી આગેવાનો દ્વારા અનેક રજૂઆતો અને પોલીસ તંત્રાની સુંદર કામગીરીની ચર્ચાઓ કરાઈ હતી જેમાં મુખ્યત્વે કોડીનાર શહેર ભાજપ પ્રમુખ ભગવાનભાઈ પરમારે કોડીનાર શહેરી વિસ્તારોમાં ક્રાઈમ રોકવા સીસીટીવી કેમેરા લગાવવા અને લોકોની સુખાકારીના પગલાં લેવા માંગ કરી કોડીનાર પોલીસની કામગીરીને બિરદાવી હતી. જયારે મુસ્લિમ અગ્રણી જીશાનભાઈ નકવી એ કોડીનારની ભાઈચારાની તાસીર વિશે જણાવી લોકો પોલીસની કામગીરીથી સંતુષ્ઠ હોવાનું જણાવ્યું હતું. જ્યારે શહેર કોંગ્રેસ પ્રમુખ કે.સી.ઉપાધ્યાયે કોડીનારના દરિયાઈ વિસ્તાર અને દરિયાઈ વિસ્તારમાં આવતા ઉદ્યોગો અને જે. ટી.કારણે વિદેશી જહાજો પણ આવવાના હોય તેની તકેદારીરૂપે કોડીનાર મરીન પોલીસ સ્ટેશન શરૂ કરવા માંગ કરી હતી. જ્યારે રમેશભાઈએ કોડીનારમાં કેમિકલયુક્ત નશાકારક તાડીઓના વેચાણના કારણે અનેક યુવાનો નશામાં ધકેલાઈ મોતના મુખમાં હોમાઈ રહ્યા હોય તાડીનું દૂષણ બંધ કરવા માંગ કરી હતી. આ ઉપરાંત અન્ય આગેવાનોએ શહેરની ટ્રાફિક સમસ્યા અને પૂરતો સ્ટાફ તેમજ શહેરના હાર્દ સમા વિસ્તારોમાં પોલીસ ચોકી ખોલવા જેવા અનેક સૂચનો જીલ્લા પોલીસ વડાને સૂચવતા એસ.પી.મનોહરસિંહ જાડેજાએ કોડીનારના અગ્રણીઓની રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી શહેરમાં ટુંક સમયમાં જ સીસીટીવી ટી.વી.કેમેરા લગાડવાનું આયોજન હોવાનું અને હાલ જે કોડીનાર પોલીસ સ્ટેશનની નવી બિલ્ડિંગ પણ એક વર્ષમાં તૈયાર થઈ જવાની સાથે નવી બિલ્ડિંગમાં પોલીસ સ્ટેશન કાર્યરત થઈ જવાની આશા વ્યક્ત કરી કોડીનાર પોલીસની કામગીરીના કારણે કોડીનારમાં ક્રાઈમ રેટ તળિયે હોવાનું અને છેલ્લા બે વર્ષમાં કોડીનારમાં એક પણ મર્ડરનો ગુનો નોંધાયો ન હોવાનું અને પોલીસની પકડ અને ધાકના કારણે ધંધા રોજગારમાં પણ વેગ મળશે તેવી આશા વ્યકત કરી ખોટી ફરિયાદો ન લેવા અને સત્યને ન્યાય અપાવવા તેમજ બાયપાસ નેશનલ હાઈવે ઉપર આવતી ચોકડીઓ ઉપર અકસ્માત રોકવા પૂરતા પ્રયાસો અને કાર્યવાહી કરવા અને આગેવાનો એ કરેલ રજૂઆતો ઉપર પૂરતું ધ્યાન આપવા ખાતરી આપી હતી. આજના આ લોક દરબારમાં એસ.પી. મનોહરસિહ જાડેજા, કોડીનારમાં પી.આઈ.આર. એ.ભોજાણી, મહિલા પી.આઈ.આર.એ. જાડેજા, પી.એસ.આઈ. ચાવડા, પી.એસ.આઈ. બાંટવા સહિતના અધિકારીઓ અને કોડીનારના રાજકીય અને સામાજીક અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આહીરાણી મહારાસ સંગઠન દ્વારા જગત મંદિરથી મેદાન સુધી માર્ગની સફાઈ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૨

અખિલ ભારતીય આહીરાણી મહારાસ સંગઠન દ્વારા આગામી તારીખ ૨૩, ૨૪ ડિસેમ્બરના રોજ રાસોત્સવ થવા જઈ રહ્યો છે. ત્યારે તેના ભાગરૂપે દ્વારકા જગત મંદિર, રૂક્ષ્મણી મંદિર તેમજ મુખ્ય માર્ગને સુંદર લાઈટિંગ વડે સુશોભિત કરવામાં આવ્યો છે. ભગવાન દ્વારકાધીશ ખુદ આ મહારાસમાં પધારે તેવા સુંદર ભાવ સાથે તેમના ચરણોમાં





પ્રથમ કંકોત્રી અર્પણ કરવામાં આવી હતી. અને જે માર્ગ દ્વારા મહારાસના મેદાન સુધી ભગવાન દ્વારકાધીશ પધારે, તે માર્ગની એટલે કે જગત મંદિર પરિસરથી લઈને મહારાસના મેદાન સુધીના માર્ગને આહિર સમાજના આગેવાનો, મહિલા આગેવાનો તથા સમાજ દ્વારા સફાઈ કરવામાં આવી હતી. જેમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા સહિતના આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સંસદની મર્યાદા અને સન્માન જળવાતું નથી

ભારતનું સંસદ ભવન લોકતંત્રનું સૌથી મોટું મંદિર છે અને આપણા દેશના સન્માન અને સ્વાભિમાનનું પ્રતીક પણ છે. સંસદ ભવન કોઈ ઈમારત માત્ર નથી, બલ્કે કરોડો દેશવાસીઓની આશાઓ અને આકાંક્ષાઓની પૂર્તિ કરનારૂં પવિત્ર સ્થળ પણ છે. સંસદ સાથે દરેક ભારતીય ભાવનાત્મક જોડાણ ધરાવે છે પરંતુ જે રીતે સંસદના કેટલાક સદસ્યો જ સંસદની મર્યાદા અને સન્માનને ઠેસ પહોંચાડી રહ્યા છે તે ખરેખર આઘાત પમાડે તેવું છે. જોવામાં આવે તો વિપક્ષના મોટા નેતા વિદેશી ધરતી પર જઈને તો ભારતીય લોકતંત્રની મજાક ઉડાવે જ છે, હવે તેમણે દેશમાં પણ સંસદીય લોકતંત્રનો ઉપહાસ ઉડાવવો શરૂ કરી દીધો છે.

પોતાના અમર્યાદિત આચરણને કારણે સદનમાંથી બરતરફ કરાયેલા વિપક્ષી સાંસદોએ મંગળવારે સંસદને 'બંધારણની કબર' ગણાવતાં તેની તુલના ઉત્તર કોરિયાઇ સદન સાથે કરીને સદનની મર્યાદાને તાર-તાર કરી છે. શિરોમણી અકાલી દળનાં નેતા અને સાંસદ હરસિમરત કૌર બાદલને સંસદ બંધારણની કબર લાગી તો બીજી તરફ કેટલાય પ્રકારના આર્થિક અપરાધોના આરોપોથી ઘેરાયેલા કોંગ્રેસી નેતા અને સાંસદ કાર્તિ ચિદમ્બરમે દાવો કર્યો કે સંસદ જલ્દી ઉત્તર કોરિયાઇ સદન જેવી થઈ જશે. કાર્તિ ચિદમ્બરમે કહ્યું કે આપણે ઉત્તર કોરિયાઇ સદન જેવા બનવાના છે અને માત્ર એક જ ચીજની કમી છે કે જ્યારે વડાપ્રધાન સદનની અંદર આવે ત્યારે બધા મળીને તાળીઓ પાડે. કાર્તિ ચિદમ્બરમે એમ પણ કહ્યું કે આ એક સાંકેતિક સદન બનવાનું છે.

વાત માત્ર લોકતંત્રના અપમાનની નથી. બંધારણીય પદો પર બેઠેલા લોકોની જે રીતે મિમિક્રી કરીને તેમનું અપમાન કરવાની હોડ ચાલી નીકળી છે અને આપણા બંધારણીય સંસ્થાઓ પર રાજકીય હુમલા કરાઈ રહ્યા છે તે એક રીતે ભારતની છબિ પર હુમલો છે. ક્યારેક વડાપ્રધાન માટે તાનાશાહ, હિટલર, નીચ કે કોઈ અન્ય અપમાનજનક શબ્દ ઉપયોગ કરવામાં આવે છે તો ક્યારેક દેશનાં રાષ્ટ્રપતિનું અપમાન કરવામાં આવે છે. હવે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું જે રીતે અપમાન કરવામાં આવ્યું તેણે સાર્વજનિક જીવનમાં મર્યાદાની તમામ સીમાઓ ઓળંગી દીધી છે. અહીં એ પણ ધ્યાન રાખવા જેવી વાત છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ હોય, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ હોય કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હોય, આ બધા સાધારણ અને ગરીબ પરિવારથી આવે છે. આ બધાને રાજકારણ વારસામાં નથી મળ્યું, બલ્કે તે જીવનમાં અભાવ અને સંઘર્ષો પર વિજય હાંસલ કરતાં અહીં સુધી પહોંચ્યા છે, પરંતુ લાગે છે કે દિલ્હી પર દાયકાઓથી રાજ કરનારા રાજ પરિવારના લોકોને આ બધું ખટકે છે તેથી સુનિયોજિત રીતે શીર્ષ પદો પર બેઠેલા લોકો પર હુમલા કરવામાં અને કરાવવામાં આવે છે. વિપક્ષે આવું જ વલણ ન્યાયપાલિકા અને બંધારણીય સંસ્થાઓ પ્રત્યે પણ અપનાવ્યું છે. કોઈ નિર્ણય પોતાના મનમાફક ન આવે તો ન્યાયપાલિકા પર સવાલ ઉઠાવવો, ચૂંટણી હારી ગયા તો ઈવીએમ પર સવાલ ઉઠાવવો, નોટિસ મળે તો આવકવેરા વિભાગ કે ઈડી પર સવાલ ઉઠાવવો અને પૂછપરછ માટે બોલાવવામાં આવે તો સીબીઆઈ પર રાજકીય હુમલો કરી દેવો હવે વિપક્ષી નેતાઓની આદત થઈ ગઈ છે. પરંતુ એ ધ્યાન રાખવું જોઈએ કે જનતા બધું જ જાણે છે અને જનતાની અદાલત દરેક ચૂંટણીમાં ત્વરિત ન્યાય કરે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડાપ્રધાન મોદીએ ઉપરાષ્ટ્રપતિ સાથે સહાનુભૂતિ વ્યક્ત કરતાં જે કંઈ કહ્યું છે તે માત્ર તેમના સમર્થનમાં ઊભા થવાનું જ નથી, બલ્કે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનના શબ્દોથી તેમના મનની પીડા અને ચિંતાની પણ ઝલક મળે છે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે સંસદ પરિસરમાં ઉપરાષ્ટ્રપતિને જે રીતે અપમાનિત કરવામાં આવ્યા, તેનાથી તેઓ બેહદ વ્યથિત છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાના વિચાર મૂકવા સ્વતંત્ર છે, પંરતુ તેમની અભિવ્યક્તિ શાલીન તથા મર્યાદાના દાયરામાં હોવી જોઈએ. તેમણે કહ્યું કે આપણી સંસદીય પરંપરાઓ છે જેના પર આપણને ગર્વ છે અને આપણે તેને જાળવી રાખવાની આશા રાખીએ છીએ. બીજી તરફ વડાપ્રધાન મોદીએ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને ફોન કરીને સંસદ પરિસરમાં કેટલાક સાંસદો દ્વારા 'અશોભનીય આચરણ' કરતાં તેમની મજાક ઉડાવતાં ભારે દુઃખ વ્યક્ત કર્યું છે. આ બાબતે ઉપરાષ્ટ્રપતિ સચિવાલય દ્વારા સોશ્યલ મીડિયા સાઈટ 'એક્સ' પર કરવામાં આવેલ એક પોસ્ટમાં ધનખડે કહ્યું, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીનો ફોન આવ્યો અને તેમણે કાલે સંસદના પવિત્ર પરિસરમાં કેટલાય માનનીય સાંસદો દ્વારા પ્રદર્શિત કરવામાં આવેલ અપમાનજનક નાટકીયતા પર અત્યંત દુઃખ વ્યક્ત કર્યું.' પોસ્ટ અનુસાર વડાપ્રધાને ધનખડને કહ્યું કે તેઓ ખુદ છેલ્લા ૨૦ વર્ષથી આ પ્રકારનું અપમાન સહન કરતા આવ્યા છે. વડાપ્રધાને કહ્યું, 'પરંતુ દેશના ઉપરાષ્ટ્રપતિ જેવા બંધારણીય પદ સાથે અને તે પણ સંસદમાં આવું થવું તે દુર્ભાગ્યપૂર્ણ છે.' ધનખડે વડાપ્રધાનને કહ્યું કે મુઠ્ઠીભર લોકોની વાહિયાત હરકતો તેમને પોતાનું કર્તવ્ય નિભાવવા અને બંધારણના સિધ્ધાંતોનું સન્માન કરવાથી રોકી નહીં શકે. તેમણે કહ્યું, 'હું બંધારણીય મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ઘ છું અને આ પ્રકારે અપમાન મને મારા માર્ગથી વિચલિત નહીં કરી શકે.'

તે ઉપરાંત રાજ્યસભાના સભાપતિ ધનખડે મંગળવારે એમ પણ કહ્યું હતું કે આ એક ખેડૂત અને એક સમુદાયનું અપમાન માત્ર નથી, આ રાજ્યસભાના સભાપતિ પદનો પણ નિરાદર છે. ધનખડે રાજ્યસભામાં પોતાની પીડા વ્યક્ત કરતાં કહ્યું હતું કે તેઓ વ્યક્તિગત રૂપે આહત છે કારણ કે તેમની કિસાન અને જાટ પૃષ્ઠભૂમિને નિશાન બનાવવામાં આવી. તેમણે ખડગેને કહ્યું, 'કલ્પના કરો કે મારા દિલ પર શું વીતી હશે જ્યારે તમારા વરિષ્ઠ નેતાએ એક સંસદ સદસ્ય દ્વારા સભાપતિની મજાક ઉડાવવાની વિડીયોગ્રાફી કરી.'

ઉપરાષ્ટ્રપતિના સમર્થનમાં જાટ નેતાઓ દ્વારા જે રીતે પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે, તેનાથી આ મુદ્દો હવે ભારે રાજકીય તૂલ પકડતો પણ દેખાઈ રહ્યો છે. પશ્ચિમી ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીમાં જાટોની ભારે આબાદી રહે છે. જો પ્રદર્શન આ રીતે વધતા રહ્યા તો કોંગ્રેસ અને વિપક્ષી ગઠબંધનમાં સામેલ પક્ષોને રાજકીય નુકસાન થવું નક્કી છે.

# ACB અધિકારીઓની પ્રથમ ચિંતન શિબિરનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર તા. ૨૨

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભ્રષ્ટાચાર સામે મક્કમતાથી જન આંદોલન ઉપાડ્યું છે. તેમણે કહ્યું કે, હવે દુનિયા આખીની નજર આજે ભારતમાં આવેલા બદલાવ અને વિકાસની ગતિ તરફ છે તેના મૂળમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવું સક્ષમ નેતૃત્વ અને સ્ટ્રોન?ગ પોલિટીકલ વિલ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્ય સરકારના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો છઝમ્ના અધિકારી-કર્મચારીઓની પ્રથમ ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ચિંતન શિબિરમાં સૌને પ્રેરણા આપતા મનનીય વકતવ્ય દ્વારા પોતાની આધ્યાત્મિકતા અને વાકછટાનો આગવો પરિચય કરાવ્યો હતો. તેમણે કહ્યું કે, જે આપણા હકનું નથી તે કોઈ પાસેથી યેનકેન પ્રકારે મેળવવું કે પડાવી લેવું તે ધાર્મિક, આધ્યાત્મિક અને કાયદાકીય બધી જ રીતે ગુનો છે. આવા લોકોને ખુલ્લા પાડીને કે નશ્યત કરીને સમાજમાં દાખલો બેસાડવાની ભૂમિકા છઝમ્ કરે છે તેનો તેમણે વિશેષ ઉલ્લેખ કર્યો હતો. ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ખોટું કરનારાઓને સજાની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં થઈ છે અને ઝિરો ટોલરન્સનો તેમનો ધ્યેય પણ સાકાર થઈ રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સુખની વ્યાખ્યા માત્ર ભૌતિક સુખ સગવડની જ નથી, આંતરિક સુખ જ સાચું સુખ છે. આજના સમયમાં ભૌતિક સુખની પાછળ મનુષ્ય રચ્યો-પચ્યો રહે છે. સુખની આવી અપેક્ષા પૂરી કરવા તેને આવકના અન્ય ઉપાયો, આવક મેળવવાના ખોટા રસ્તા કે હથકંડા અપનાવવા ની નોબત આવે છે. આવી આવકના સુખમાં તો પરિવારના સૌ ભાગીદાર બને, પરંતુ જ્યારે ગુનાની સજા થાય ત્યારે જે તે વ્યક્તિએ એકલા એજ ભોગવવી પડે છે. આ સંદર્ભમાં તેમણે વાલિયા માંથી વાલ્મીકી ઋષીનું ઉદાહરણ આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ છઝમ્ના અધિકારીઓને પ્રોત્સાહિત કરતા ઉમેર્યું કે, ખોટું કરનારાને સજા તો થાય છે જ ત્યારે આપણે પણ સરકારના નિયમો પાળીએ અને અન્ય પાસે પણ પળાવીએ તે જરૂરી છે. છઝમ્ અધિકારીઓને ભ્રષ્ટાચાર-કરપ્શન સામેના જંગમાં ઢિલાશ ન પડવાની પ્રેરણા આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સરકાર પણ સાચા કામમાં તમારી પડખે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતજ૨૦૪૭નો વડાપ્રધાનશ્રીનો સંકલ્પ પાર પાડવામાં વિકસિત ગુજરાત થકી ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈમાં છઝમ્ કર્મીઓને પોતાનું અગ્રિમ યોગદાન આપવા પણ આહવાન કર્યું હતું. રાજ્યની સ્કૂલના બાળકો પણ ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનમાં જોડાય તે હેતુથી લાંચ રૂશ્વત બ્યુરો દ્વારા 'ભ્રષ્ટાચારની પોલ ખોલો' વિષય પર એક નિબંધ સ્પર્ધાનું આયોજન સતર્કતા સપ્તાહ અંતર્ગત કરવામાં આવ્યું હતું. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના પ્રથમ ત્રણ નિબંધ લેખન વિજેતા વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ શિબિરમાં સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે કહ્યું હતું કે, સમાજમાં ભ્રષ્ટાચારનું દુષણ અટકાવવા માટે આ ચિંતન શિબિર ખૂબ જ મહત્વની સાબિત થશે એટલું જ નહીં આ શિબિર આજના સમયની માંગ છે. ભ્રષ્ટાચાર એ સમાજમાં રહેલી ઉધ?ઈ છે જે સમાજ અને દેશને અંદરથી ખોખલો બનાવે છે, વિકાસને અવરોધે છે. ભ્રષ્ટાચારના દૂષણને ડામવા માટે તંત્રમાં વધુને વધુ પારદર્શકતા લાવી પડશે. ઈૅ જેવા મજબૂત કાયદાનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ. કોઈ નાગરિક નથી ઈચ્છતો કે તે લાંચ આપે તો આપણે તેના આ સંકલ્પને સહયોગ કરવો જોઈએ. તેમણે કહ્યું હતું કે, ભ્રષ્ટાચારના દૂષણને અટકાવવા બંધારણમાં અનેકવિધ કાયદા અમલી છે તેનો મહત્તમ ઉપયોગ કરવો જરૂરી છે. લાંચ લેવાની જે મોડસ ઓપરેન્ડી જે તે લોકો દ્વારા અપનાવવામાં આવે છે તેનો પણ એક મેન્યુઅલ બહાર પાડવો જોઈએ જેથી સામાન્ય નાગરિકોમાં તેનાથી જાગૃતિ આવે અને ભ્રષ્ટાચાર અટકાવવામાં મદદરૂપ થઈ શકાય તેમ જણાવી મુખ્ય સચિવશ્રીએ

# પથરીની સારવાર માટે ચિંતામાં ઘેરાયેલા આબિદાબેન માટે આયુષ્માન કાર્ડ બન્યું આશીર્વાદ રૂપ

ગાંધીનગર તા. ૨૨

આયુષ્માન કાર્ડ અંતર્ગત દેશભરના જરૂરત મંદો નિઃશુલ્ક સારવાર દ્વારા બીમારીને હરાવી તંદુરસ્ત બની રહ્યા છે. સાદરા ગામના ૬૮ વર્ષીય આબિદાબેન ઈસ્માઈલભાઈ લુહાર પણ આયુષ્માન યોજનાના લાભ થકી સારવાર મેળવવા બદલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સરકારનો આભાર વ્યક્ત કરે છે. આબિદાબેનને થોડા સમય પહેલાં પેટમાં અતિશય દુખાવો થતાં ખાનગી દવાખાનામાં ઈલાજ માટે લઈ જતા ત્યાં પથરી હોવાનું નિદાન થયું હતું. જેની સારવાર અર્થે તેમને આઠ દિવસ દાખલ રાખવામાં આવ્યા હતા. છતાં તકલીફમાં કોઈ ફરક ન પડતા દવાખાનેથી અન્ય હોસ્પિટલમાં સારવાર માટે અબિદાબેનને લઈ જવાની સલાહ આપવામાં આવી હતી. આબિદાબેન જણાવે છે કે, તેઓ એક મધ્યમવર્ગીય પરિવારમાંથી હોવાથી આઠ દિવસના ખાનગી દવાખાનાના ખર્ચ પછી અન્ય જગ્યાએ દવાના ખર્ચ અંગે ચિંતા હતી. આવા સમયે આબિદાબેનના દીકરાએ સાદરા આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી અને સમગ્ર હકીકત જણાવી.આરોગ્ય કેન્દ્રમાંથી તેમને તાત્કાલિક આયુષ્યમાન કાર્ડ કઢાવવાની સલાહ આપવામાં આવી. જરૂરી ડોક્યુમેન્ટ ભેગા કરી આબિદાબેનના દીકરાએ તુરંત આ કાર્ડ કરાવ્યું.જેના આધારે તેમની પથરીની સારવાર ગાંધીનગર સિવિલ ખાતે તદ્દન નિશુલ કરવામાં આવી. આબિદાબેન આ વિશે વધુમાં જણાવતા કહે છે કે,સિવિલમાં પણ તેમને આઠ દિવસ રાખવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં તેમને દવાનો કે અન્ય કોઈ ખર્ચ થયો નહીં. સારવાર પછી ડાયાલિસિસ માટે ગાંધીનગર સિવિલ સુધી ન આવવું પડે તે માટે સિવિલ માંથી ઈસનપુર ડાયાલિસિસ સેન્ટરનો સંપર્ક કરી આપવામાં આવ્યો. જેથી તેમને આ ચિંતા પણ પૂર્ણ થઈ ગઈ. હાલમાં આબિદાબેન બેન એકદમ સ્વસ્થ છે. અને આયુષ્માન કાર્ડ થકી સરકાર દ્વારા મળેલ સહાય બદલ તેઓ સરકારનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે. સાથે સાથે તેઓ સાદરા આરોગ્ય કેન્દ્ર તથા ઈસનપુર ડાયાલિસિસ સેન્ટરના સ્ટાફનો પણ આભાર વ્યક્ત કરે છે.

# કપાસિયાના ખોળ સહિતના પશુ ખાણદાણમાં અખાદ્ય પદાર્થો-કેમિકલની ભેળસેળ કરતાં ઈસમો સામે રાજ્ય સરકાર કડક કાર્યવાહી કરશેઃ પશુપાલન મંત્રી રાઘવજી પટેલ

ગાંધીનગર તા.૨૨

રાજ્યમાં પશુઓના ખાણદાણ ખાસ કરીને કપાસિયાના ખોળમાં વેપારીઓ, ઓઈલ મિલો તેમજ ઉત્પાદકો દ્વારા જુદા-જુદા કેમિકલો, બેન્ટોનાઈટ માટી, લાકડાનો વેર, અખાદ્ય અનાજ જેવા પદાર્થોની ભેળસેળ કરતા હોવાની ઘટનાઓ સામે આવી છે. પશુઓ અને માનવના હિતમાં આવી ઓઈલ મીલો અને વેપારીઓ સામે પગલાં કાર્યવાહી સુધીના કડકમાં કડક પગલાં લેવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં તેમજ અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની પ્રેરક ઉપસ્થિતિમાં અધિકારીશ્રીઓ સાથે આ અંગે એક ખાસ બેઠક મળી હતી. વધુ વિગતો આપતા મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું કે, રાજ્યમાં આ ભેળસેળયુક્ત ખાણદાણ સસ્તા ભાવે વેચાણના કારણે સાચા ખાણદાણ ઉત્પાદક વેપારીઓને પણ નુકસાન થાય છે. આવા ભેળસેળયુક્ત ખાણદાણના કારણે પશુઓમાં રોગચાળો, પશુ દૂધમાં આવા ઝેરી તત્વ ભળતા માનવીના સ્વાસ્થ્ય પર પણ ખરાબ અસર થાય છે. જેનાથી કેન્સર જેવા ભયાનક રોગ થાય છે, તેવી ગુજરાત કોટન સીડ્સ ક્રશર્સ એસોસિએશન, ગ્રાહક સુરક્ષા અને કિસાન સંઘ દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી.

આ પ્રશ્નને ગંભીરતાથી ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા ભેળસેળયુક્ત પશુદાણ બનાવતા ઉત્પાદકો સામે દરોડો પાડીને કડક કાર્યવાહી કરીને પશુઓ અને પશુપાલકોના હિતમાં આ ભેળસેળની પ્રક્રિયા સદંતર બંધ કરાવવા તેમજ પશુ આહાર ઉત્પાદનની ભારતીય માનક બ્યૂરોમાં નોંધણી ફરજીયાત કરાવવા જેવા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં કૃષિ, ખેડૂત કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી, પશુપાલન ખાતાના અધિકારીશ્રીઓ ઉપરાંત રાજ્ય સરકારના ગ્રાહક બાબતો વિભાગના અધિકારીશ્રીઓ, ભારત સરકારના ભારતીય માનક બ્યૂરો સંગઠનના અધિકારીશ્રીઓ, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના અધિકારીશ્રીઓ અને રાજ્ય સરકારના કાયદા વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# MBBSના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ગળેફાંસો ખાધો

અમદાવાદ, તા.૨૨

અમદાવાદમાં MBBSના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અચાનક આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. મૃતક યુવકે આપઘાત માટે ઓનલાઈન દોરડુ ( રસ્સી) મગાવ્યુ હોવાનું અનુમાન છે. છેલ્લા કેટલાક દિવસોથી યુવક તણાવમાં રહેતો હોવાનુ સહાધ્યાયીઓએ જણાવ્યુ છે ત્યારે મેડિકલનો અભ્યાસ કરતા આશાસ્પદ યુવકે આખરે શા માટે આત્મઘાતી પગલુ ભર્યુ તે સવાલ દરેકના મનમાં છે.અમદાવાદમાં MBBSના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ અચાનક આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. મૃતક યુવકે આપઘાત માટે ઓનલાઈન દોરડુ ( રસ્સી) મગાવ્યુ હોવાનું અનુમાન છે. છેલ્લા કેટલાક દિવસોથી યુવક તણાવમાં રહેતો હોવાનુ સહાધ્યાયીઓએ જણાવ્યુ છે ત્યારે મેડિકલનો અભ્યાસ કરતા આશાસ્પદ યુવકે આખરે શા માટે આત્મઘાતી પગલુ ભર્યુ તે સવાલ દરેકના મનમાં છે.

અમદાવાદમાં શાહીબાગ વિસ્તારમાં આવેલી બી.જે. મેડિકલ કોલેજના MBBSના ત્રીજા વર્ષના વિદ્યાર્થીએ આપઘાત કરી લેવાની ઘટના સામે આવી છે. મૃતકે આપઘાત કરવા માટે ઓનલાઈન સાઈટ પરથી દોરડુ (રસ્સી) મગાવી હોવાનું પણ અનુમાન છે. વિદ્યાર્થીએ તેની જ હોસ્ટેલના પેન્ટ્રી રૂમમાં રસ્સી વડે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ છે. હાલ સમગ્ર મામલે મેઘાણીનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.મૂળ જામનગરનો રહેવાસી ૨૧ વર્ષીય ધ્રૂવ ધાડીયા શાહીબાગ સ્થિત બી. જે. મેડિકલ કોલેજમાં MBBSના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. ધ્રુવ સિવિલ હોસ્પિટલના રેસીડેન્ટ ડોકટરોની બોયઝ હોસ્ટેલમાં રહેતો હતો. ૧૮ ડિસેમ્બરે બપોરે ધ્રુવે વોટસઅપ પર મેસેજ કરીને સોપાનમ -૮ ના ૫માં માળે આવેલા સી બ્લોકના પેન્ટ્રી રૂમમાં પંખા સાથે દોરડું બાંધીને ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ દરમિયાન એક ડૉકટર પેન્ટ્રીમાં જતા તેમણે ધ્રુવને લટકેલી હાલતમાં જોતા બનાવની જાણ થઈ હતી. ડૉકટરે ધ્રુવને નીચે ઉતારીને સારવાર આપવાનો પ્રયાસ કર્યો હતો જો કે તે પહેલા જ તે મૃત્યુ પામ્યો હતો. આ બનાવની મેઘાણીનગર પોલીસને જાણ કરતા પોલીસે લાશને પોસ્ટમોર્ટમ કરાવીને તપાસ શરૂ કરી. મેડિકલ વિદ્યાર્થી ધ્રુવના આપઘાત કેસમાં પોલીસે હોસ્ટેલમાં ધ્રુવની સાથે રહેતા અન્ય વિદ્યાર્થીઓ અને સહઅધ્યાયીઓના નિવેદન લેતા પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે ધ્રુવ છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં હતો. જો કે કયા કારણોસર તે તણાવમાં હતો તેની કોઈને જાણ નહોતી. બીજી તરફ પોલીસને એવી પણ માહિતી મળી છે કે આ અગાઉ પણ ધ્રુવે આત્મહત્યા કરવાનો બે વખત પ્રયાસ કર્યો હતો. જો કે તેના મિત્રોએ તેને સમયસર બચાવી લીધો હતો.

આ સમયે પણ મિત્રો તેને બચાવી લેશે તેમ લાગતા ધ્રુવે તેના અમુક મિત્રોને વોટસઅપ પર આત્મહત્યા કરતા પહેલા મેસેજ કર્યો હતો કે આ પહેલા મિત્રો તમે મને બચાવી લીધો હતો પરંતુ આ વખતે તમે મને રોકી શકશો નહીં અને અંતે તેણે આ પગલું ભર્યુ હતું.

ધ્રુવ યુટ્યુબ પર આત્મહત્યા કરવાના વીડિયો જોતો હોવાનું પણ સામે આવ્યું છે અને આત્મહત્યા કરવા માટે ધ્રુવ ઓનલાઈન દોરડુ મંગાવી હોવાની શક્યતાને લઈને પોલીસે ધ્રુવના મોબાઈલ FSL માં મોકલવાની કાર્યવાહી હાથ ધરી છે. આ આપઘાત મામલે હાલમાં મેઘાણીનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને આત્મહત્યા પાછળ જવાબદાર કારણ જાણવા ધ્રુવના મિત્રો પરિવારજનો અને ઓળખીતાના નિવેદનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ખોરાક સ્વાદ લેવા માટે નહીં પરંતુ
શરીરના પાલન માટે છે.

- સ્વામી વિવેકાનંદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, માગસર સુદ-૧૦ મોક્ષદા એકાદશી (સ્માર્ત), શ્રી ગીતા જન્મોત્સવ તા.૨૨ ડિસેમ્બર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૯, મુસ્લિમ તા.૮, અશ્વિની નક્ષત્ર, પરિઘ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૨૯, સૂ.અ.૬:૧૧

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રાવસ દ્વારા લાભ થાય.
વૃષભ:મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન:વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
કર્ક: ભાગીદારી કે જીવનસાથી સાથે મતભેદ રહે. મનમાં અશાંતિ અનુભવાય.
સિંહ: લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગતિ થાય.
કન્યા: ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. માંગલિક કાર્યોનું આયોજન થાય.
તુલા: અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.
વૃશ્ચિક:મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવા-વાગવાથી સંભાળવું.
ધન: આરોગ્ય અંગે સાવચેત રહેવું. અણધાર્યો લાભ થાય.
મકર: શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કુંભ: કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન: મહત્વના પ્રશ્નમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.

# ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ખેડૂતોને દિવસે વીજળી મળશેઃ CM

## ખેડૂતોની છેલ્લા ઘણા સમયથી દિવસે વીજળી આપવાની માગને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેકો આપ્યો છે

મોડાસા, તા.૨૨

રાજ્યના ખેડૂતો માટે ખુશ ખબર છે. હવે ખેડૂતોને રાતના સમયે પીયત માટે નહીં થવું પડે હેરાન. રાતે ઉજાગરા કરી ખેડૂતોને પીયત નહીં કરવું પડે. જી હા હવે રાજ્યના તમામ ખેડૂતોને રાતના બદલે દિવસે વીજળી મળશે. ખેડૂતોની છેલ્લા ઘણા સમયથી દિવસે વીજળી આપવાની માગને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેકો આપ્યો છે અને એક જ વર્ષમાં તમામ ખેડૂતોને દિવસે વીજળી મળી રહે તેવી મોટી જાહેરાત કરી છે. અરવલ્લીના મોડાસાની મુલાકાતે પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતલક્ષી જાહેરાત કરી અને કહ્યું કે એક જ વર્ષમાં રાજ્યના તમામ ખેડૂતોને દિવસે વીજળી મળશે. ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વચન આપ્યું છે.રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી ખેડૂતોને રાત્રિના સમયે પિયત માટે વીજળી આપવામાં આવ છે જેના કારણે ખેડૂતોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

ખાસ કરીને રાત્રિના સમયે વીજળી આપવામાં આવતી હોવાના કારણે ખેડૂતોને ઝેરી જીવજંતુઓ તેમજ વારંવાર લાઈટ ટીપ ટાપ થતી હોવાના કારણે ખેડૂતોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. તે ઉપરાંત રાત્રિના સમયે લાઈટના કારણે ખેડૂતોને પિયત માટે પણ હાલાકી ભોગવી પડતી હતી. પરંતુ મુખ્યમંત્રીની આ જાહેરાતથી બનાસાકાંઠાના ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ખેડૂતો દ્વારા રાજ્ય સરકારમાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી જેને લઈ આજે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવી હતી જેમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂતોની રજૂઆતના પગલે રાત્રીના સમયે જે વીજળીના કારણે ખેડૂતોને તકલીફો ભોગવી પડે છે. તે ન ભોગવી પડે તેના માટે રાત્રીની જગ્યાએ દિવસે ખેડૂતોને જાહેરાત આપવાનું નક્કી કર્યું છે.

# ગુજરાતમાં ફરી એકવાર કોરોનાની એન્ટ્રી ગાંધીનગરમાં બે મહિલા દર્દી આવી પોઝિટિવ



ગાંધીનગર, તા.૨૨
ગુજરાતમાં કોરોનાની ફરી એન્ટ્રી થઈ છે. રાજ્યમાં કોરોનાના પ્રવેશથી ચિંતા ફેલાઈ છે. ગાંધીનગરમાં કોરોનાના બે કેસ નોંધાયા છે. દક્ષિણ ભારતમાં પ્રવાસ કરીને આવેલી બે મહિલાઓ કોરોના સંક્રમિત મળી આવી છે. બંને ગૃહિણીઓએ વેક્સિનના બડોઝ લીધા છે. એક મહિલાની ઉંમર ૫૭ વર્ષ અને બીજી મહિલાની ઉંમર ૫૯ વર્ષ છે હાલ બંને મહિલાઓને હોમ આઈસોલેટ કરવામાં આવી છે. બંને દર્દીઓની તબિયત હાલ સ્થિર હોવાનું જણાવાયું છે. ભારતમાં કોરોનાના નવા વેરિઅન્ટ તથા કેરળ અને ઉતરપ્રદેશમાં પાંચનાં મોત બાદ હવે ચિંતા વધવા લાગી છે. હાલમાં વિશ્વ આરોગ્ય સંગઠન(WHO)ના ટેક્નિકલ લીડે પણ શ્વાસ સંબંધી બીમારીઓ ઉપર એલર્ટ આપ્યું છે તથા કોરોનાના નવા વેરિઅન્ટ અંગે પણ વિશ્વના દેશોને એલર્ટ કર્યા છે તથા તકેદારી વધારવા માટે પણ સલાહ આપી છે. આ માટે સોશિયલ મીડિયા ઉપર એક વીડિયો અપલોડ કરીને તેમણે આ પ્રકારની બીમારી ફેલાવા માટેના કારણ પણ દર્શાવ્યા હતા. જેમાં જણાવાયું હતું કેકોરોના ઉપરાંત વાયરલ ફ્લુ રીનો વાયરલ માઈક્રોપ્લાઝા ન્યૂમોનિયા જેવી બીમારી વધી રહી છે. કોરોનાનો પુરોગામી સાર્સ-કોવ-૨ સતત અપડેટ થઈ રહ્યા છે, જેના કારણે શ્વાસ સંબંધી બીમારીઓ વધશે તથા હવે રજાનો માહોલ આવવાથી આ પ્રકારની સ્થિતિ વધી શકે છે. ઠંડીના કારણે લોકોના ઘરમાં બારી દરવાજા બંધ રહેવાથી તેને વેરિઅન્ટની પણસમસ્યા રહે છે જેથી આ બીમારીને ફેલાવાની શક્યતા વધારે છે. હાલ કોરોનાના ૬૮% કેસ આ નવા સબ વેરિઅન્ટના છે તથા ફરી માસ્ક-સોશ્યલ ડિસ્ટન્સ જેવા ઉપાયોની આવશ્યકતા પડી શકે છે. કોરોનાના કેસ વધતા કર્ણાટક સરકારે સોમવારથી ૬૦ વર્ષથી વધુ વયના લોકો માટે માસ્ક ફરજિયાત બનાવ્યું છે. શરદી, ઉધરસ અને તાવ તેમજ અન્ય રોગોથી પીડિતા લોકો માટે માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું છે અને સરહદી જિલ્લાઓમાં દેખરેખ વધારવાની સૂચના આપવામાં આવી છે. કોરોનાને કેસને પગલે રાજ્યનું આરોગ્ય વિભાગ પણ હવે એક્શન મોડમાં આવી જવા પામ્યું છે અને વિવિધ પગલાં લેવાના આરંભી દેવાયા છે.

# CT સ્કેનથી યુવાન લોકોમાં બ્લડ કેન્સરનું ઉચ્ચ જોખમ થઈ શકે છે

(એજન્સી) તા.૨૨
નેચર મેડિસિન જર્નલમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ, કોમ્પ્યુટેડ ટોમોગ્રાફી (CT) સ્કેન બાળકો અને યુવાન વયસ્કોમાં બ્લડ કેન્સરના વધતા જોખમ સાથે સંકળાયેલ છે. યુરોપિયન પેડિયાટ્રિક સીટી (ઈપીઆઈ-સીટી) અભ્યાસ, જેમાં લગભગ દસ લાખ દર્દીઓ સામેલ છે, તે દર્શાવે છે કે આ સ્કેનમાંથી રેડિયેશન બહાર આવે છે, જે એક્સ-રે અને કમ્પ્યુટરનો ઉપયોગ શરીરની અંદરની વિગતવાર છબીઓ બનાવવા માટે કરે છે, તે યુવાનોને જોખમમાં મૂકી શકે છે. પોમ્પ્યુફેબ્રા યુનિવર્સિટી, બાર્સેલોના, સ્પેનના સંશોધકોની આગેવાની હેઠળની એક ટીમે શોધી કાઢ્યું છે કે સીટી સ્કેનમાંથી રેડિયેશનની માત્રા અને લિમ્ફોઈડ અને માયલોઈડ બંને પ્રકારના બ્લડ કેન્સરના ઊંચા જોખમ વચ્ચે સ્પષ્ટ કડી છે. આ જોખમ ૧૦૧૫ યુનિટ જેટલા ઓછા ડોઝથી શરૂ થાય છે. સંશોધકોએ જણાવ્યું હતું કે, આ સીટી સ્કેન હાનિકારક હોવાનું માનનારા કોઈપણ માટે એક ચેતવણી છે. અગાઉની માન્યતાઓથી વિપરીત, EPI-CT અભ્યાસમાં હોજકિન્સ લિમ્ફોમા (HL)નું જોખમ વધ્યુંછે, ખાસ કરીને નાની વય જૂથોમાં તે વધુ છે. આના માટે સીટી સ્કેન ઉપરના ડેટામાં વધુ ધ્યાન અને ઊંડાણપૂર્વક તપાસ કરવાની જરૂર છે. CT સ્કેન સાથે સંકળાયેલું જોખમ મોટું છે, અને તે માત્ર દુર્લભ કિસ્સાઓમાં જ નથી, સ્કેન દીઠ આ બ્લડ કેન્સર માટે ૧૬ ટકા જેટલું જોખમ વધે છે. આ સંખ્યાને હળવાશથી લઈ શકાય તેવું નથી. ૧૦,૦૦૦ બાળકોમાંથી, અમે ૧૨ વર્ષ દરમિયાન સીટી રેડિયેશનને કારણે લગભગ ૧.૪ કેસની અપેક્ષા રાખીએ છીએ. આ અભ્યાસમાં દર્દીના સંચાલનમાં સીટી ઈમેજિંગના ફાયદાઓ સ્વીકારવામાં આવ્યા છે, નિદાનની અસરકારકતા, સારવાર આયોજન અને ફોલો-અપ અંગે કોઈ શંકા નથી. સંશોધકોએ જણાવ્યું હતું કે આ સંશોધન માત્ર નકારાત્મકતા દર્શાવતુ નથી, પણ યોગ્ય પગલાં લેવાની વિનંતી કરે છે. તેઓએ જણાવ્યું હતું કે સીટી સ્કેનની આવશ્યકતા પર પુર્નઃ વિચાર કરવાથી માંડીને રેડિયેશન એક્સપોઝરને શક્ય તેટલું ઓછું રાખવામાં આવે તે સુનિશ્ચિત કરવાની જરૂર છે. EPI-CT અભ્યાસમાં ૧૦ લાખથી વધુ યુરોપીયન બાળકોનો સમાવેશ થાય છે, તે સંચિત સીટી સ્કેન રેડિયેશન એક્સપોઝર અને બાળપણના હિમેટોલોજિકલ મેલીગ્નન્સી વચ્ચે સંબંધિત જોડાણ દર્શાવે છે. ઉજાલા સિગ્નસ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સના ડૉ. રવિન્દર સિંઘે જણાવ્યું હતું કે, આ તારણો આગામી ૧૨ વર્ષોમાં બ્લડ કેન્સરના સંભવિત જોખમને ઘટાડવા માટે બાળરોગના સીટી સ્કેન અને ચાલુ તપાસ અને ઓપ્ટિમાઈઝેશનના મહત્વ ઉપર ભાર મૂકે છે.

### પંજાબે હર્ષલ ઉપર ૧૧.૭૫ કરોડની બોલી લગાવી

# IPL 2024માં હર્ષલ પટેલ સૌથી મોંઘો ભારતીય ખેલાડી બન્યો



મુંબઈ, તા.૨૨
પોતાનું પ્રથમ આઈપીએલ ટાઈટલ જીતવાના પ્રયાસોમાં એકવાર ફરીથી પંજાબ કિંગ્સ ઝડપી બોલરો પર મોટો દાવ લગાવતી દેખાઈ હતી. ગત ઓક્શનમાં સૈમ કરન ઉપર ૧૮ કરોડથી વધારેનો દાવ લગાવનાર પંજાબે આ વખતે આરસીબીના સ્ટાર બોલર હર્ષલ પટેલ સાથે હાથ મિલાવ્યો છે. હર્ષલ પટેલ ઉપર પંજાબે ૧૧.૭૫ કરોડની બોલી લગાવી છે. જે આ સ્ટાર બોલર ઉપર ગત ઓક્શન કરતા એક કરોડ રૂપિયા વધારે છે. હર્ષલ ઉપર સૌથી પહેલા ગુજરાત ટાઈટન્સે બોલી લગાવી હતી. ત્યારબાદ પંજાબ કિંગ્સ પણ બોલીમાં કૂદી ગયું. બંને ફ્રેન્ચાઈઝીઓ બોલીને ૧૦.૭૫ કરોડ સુધી લઈ ગઈ જ્યાંથી ગુજરાત પાછળ હટી ગયું ત્યારબાદ બોલીમાં લખનૌ સુપર જાયન્ટ્સ કૂદી પડ્યું પણ પંજાબ કિંગ્સ ૧૧.૭૫ કરોડમાં તેની બોલી લગાવવામાં સફર રહી. આઈપીએલ ૨૦૨૩ના ઓક્શનમાં હર્ષલ પટેલને આરસીબીએ ૧૦.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.હર્ષલની આઈપીએલની સફળ ૨૦૧૪માં શરૂ થઈ હતી. ત્યારે આરસીબીએ તેને ૪૦ લાખ રૂપિયામાં પોતાની ટીમમાં સામેલ કર્યો હતો.

# રાજ્યમાં ફરી એકવાર કમોસમી વરસાદની આગાહી : ૨૦થી ૩૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે

અમદાવાદ, તા.૨૨
ગુજરાતમાં ભરશિયાળે માવઠાની આગાહી હવામાન વિભાગે કરી છે. આગામી પાંચ દિવસ દરમ્યાન રાજ્યમાં વાતાવરણ સુકુ રહેશે પરંતુ કેટલાક ભાગોમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તે ઉપરાંત કેટલાક ભાગોમાં વાદળછાયુ વાતાવરણ પણ રહી શકે છે. આગાહીને કારણે રાજયના ખેડૂતો ચિંતામાં મૂકાયા છે. અગાઉ આવેલા કમોસમી વરસાદે ધરતીપૂત્રોને મોટાપાયે નુકસાન કર્યું હતું. જે બાદ ફરી એકવાર હવામાન વિભાગની આગાહીને કારણે ખેડૂતોને નુકસાન થાય તેવી ભીતિ સેવાઈ રહી છે. સામાન્ય રીતે ડિસેમ્બર મહિનાના અંતમાં ગુજરાતમાં શિયાળાની ઋતુ જામે છે. ઠંડીનું પ્રમાણ પણ વધારે હોય છે. તેવામાં કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. આગામી ૨૪ કલાકમાં સૌરાષ્ટ્રના અમરેલી, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને કચ્છના કેટલાક ભાગોમાં સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. અરબી સમુદ્રમાંથી આવતા ભેજવાળા પવનોને કારણે વરસાદ થવાની શક્યતા છે. જેને કારણે વાદળછાયું વાતાવરણ રહી શકે છે. આગામી પાંચ દિવસ દરમ્યાન દિવસનું મહત્તમ તાપમાન ઘટી શકે છે. તેની પાછળ વાદળછાયું વાતાવરણ જવાબદાર હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું. મહત્તમ તાપમાનમાં ઘટાડો થતાં આગામી પાંચ દિવસ દરમ્યાન ઠંડી મહદઅંશે વધી શકે છે. આ ઉપરાંત રાત્રિ દરમ્યાન લઘુત્તમ તાપમાનમાં વધારે ફેર જોવા મળશે નહીં જેથી તાપમાન યથાવત રહેશે. પરંતુ ત્રણ દિવસ બાદ એક ડિગ્રી જેટલા તાપમાનમાં ઘટાડો થતાં લઘુત્તમ તાપમાનમાં પણ ઘટાડો થશે જેને કારણે ઠંડીનું જોર વધશે. તે બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધશે જેથી ઠંડીનું જોર ઘટે તેવી શક્યતાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના ભાગોમાં પવનની ગતિ વધુ રહેશે. આગામી દિવસોમાં ૨૦થી ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે જેને કારણે શિયાળો જામ્યો હોય તેવો માહોલ સર્જાશે.

# સોશિયલ મીડિયાનો ઓછો ઉપયોગ કરવાથી માનસિક સ્વાસ્થ્ય અને કાર્ય સંતોષ વધે છે : અભ્યાસ

(એજન્સી) તા.૨૨
પ્રખ્યાત રૂહર યુનિવર્સિટી બોચમ અને જર્મન સેન્ટર ફોરર મેન્ટલ હેલ્થ દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં, એવું બહાર આવ્યું છે કે સોશિયલ મીડિયાના વપરાશમાં દરરોજ માત્ર ૩૦ મિનિટનો ઘટાડો કરવાથી માનસિક સ્વાસ્થ્ય અને નોકરીના સંતોષમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે. સંશોધન એ પણ સૂચવે છે કે વારંવાર સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ તેમના કામ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે સંઘર્ષ કરે છે, જેના કારણે ઉત્પાદકતામાં ઘટાડો થાય છે. બિહેવિયર એન્ડ ઈન્ફર્મેશન ટેક્નોલોજી જર્નલમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં વ્યક્તિઓના એકંદર સુખાકારી ઉપર સોશિયલ મીડિયાના ઓછા ઉપયોગની અસરોની તપાસ કરવામાં આવી હતી. આ સહભાગીઓ, જેઓ બધા નોકરી કરતા હતા અને બિન-કાર્ય-સંબંધિત સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓ ઉપર દરરોજ ઓછામાં ઓછી ૩૫ મિનિટ વિતાવે છે, તેમને બે જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા. પ્રથમ જૂથે તેમની નિયમિત સોશિયલ મીડિયા ટેવ ચાલુ રાખી હતી, જ્યારે બીજા જૂથે સાત દિવસના ગાળા માટે તેમના સોશિયલ મીડિયાનો સમય દરરોજ ૩૦ મિનિટનો ઘટાડો કર્યો હતો. પ્રયોગ પહેલા, સહભાગીઓએ તેમના વર્કલોડ, જોબ સંતોષ, પ્રતિબદ્ધતા, માનસિક સ્વાસ્થ્ય, તણાવ સ્તર, ગુમ થવાનો ભય (FOMO), અને વ્યસનયુક્ત સોશિયલ મીડિયાના ઉપયોગને સૂચવતી વર્તણૂકોને લગતી પ્રશ્નાવલિઓ પૂર્ણ કરી હતી. આ પ્રશ્નાવલીઓ પછી પ્રયોગ શરૂ થયાના બીજા દિવસે અને એક અઠવાડિયા પછી પુનરાવર્તિત કરવામાં આવી હતી. તેના પરિણામો આશ્ચર્યજનક હતા. જેમણે તેમનો સોશિયલ મીડિયાનો ઉપયોગ ઘટાડ્યો હતો તેઓને વધુ પડતા કામ કરવાની લાગણીમાં ઘટાડો અને FOMOમાં ઘટાડો, ઑફલાઈન હોવા ઉપર તેમના નેટવર્કની અંદરની મહત્વપૂર્ણ ઘટનાઓ ચૂકી જવાનો ભય અનુભવાયો હતો. સોશિયલ મીડિયાથી દૂર રહેવાથી, વ્યક્તિઓએ તેમની નોકરી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે વધુ સમય મેળવ્યો, પરિણામે વિભાજિત ધ્યાન ઓછું થયું અને તેમના પ્રદર્શનમાં સુધારો થયો હતો. અભ્યાસના લેખક, જુલિયા બ્રેલોવસ્કાયા સમજાવે છે કે, અમારૂ મગજ સતત વિક્ષેપોનોર સામનો કરવા માટે સંઘર્ષ કરે છે, ખાસ કરીને જ્યારે તે આપણાં કાર્યોથી ધ્યાન હટાવે છે. જે વ્યક્તિઓ તેમના સોશિયલ મીડિયા ફીડ્સને તપાસવા માટે તેમના કામમાં વારંવાર વિક્ષેપ પાડે છે તેઓને ધ્યાન કેન્દ્રિત કરવું અને શ્રેષ્ઠ પરિણામો સાથે ધ્યેય પ્રાપ્ત કરવું વધુ પડકારજનક લાગે છે. સંશોધન ટીમે ૧૬૬ સહભાગીઓની ભરતી કરી હતી, જેમાંથી તમામ રોજગારી મેળવતા હતા અને તેઓ દૈનિક સોશિયલ મીડિયાના ઉપયોગના માપદંડોને પૂર્ણ કરતા હતા.




અ જૂથને બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું હતું, જેમાં એક જૂથે તેમની નિયમિત આદતો જાળવી રાખી હતી અને બીજાએ સતત સાત દિવસ સુધી તેમના સોશિયલ મીડિયાનો સમય દરરોજ ૩૦ મિનિટ ઘટાડ્યો હતો. બ્રેલોવસ્કાયાએ જણાવ્યું હતું કે, આ પ્રમાણમાં ટૂંકા ગાળા પછી પણ, અમે રોજબરોજના તેમના સોશિયલ મીડિયાના વપરાશમાં ૩૦ મિનિટ જેટલો ઘટાડો કરતા જૂથમાં નોકરીના સંતોષ અને માનસિક સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો જોયો છે. વધુમાં, આ સકારાત્મક અસરો પ્રયોગના નિષ્કર્ષ પછી ઓછામાં ઓછા એક અઠવાડિયા સુધી ચાલુ રહી હતી અને કેટલાક કિસ્સાઓમાં, સમય જતાં તેમાં સુધારો પણ થયો હતો. આ અભ્યાસ સૂચવે છે કે વ્યક્તિઓ ઘણીવાર તેમના કામની વ્યસ્તતાને લીધે હકારાત્મક લાગણીઓ માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તરફ વળે છે, વધુમાં, LinkedIn જેવા પ્લેટફોર્મ નવી રોજગારની શોધમાં નોકરી શોધનારાઓ માટે તકો પ્રદાન કરે છે. જો કે, સંશોધકો ચેતવણી આપે છે કે સોશિયલ મીડિયા દ્વારા અસ્થાયી રૂપે વાસ્તવિકતાથી દૂર રહેવાથી ટૂંકાગાળાના મૂડને પ્રોત્સાહન મળી શકે છે, લાંબા ગાળાના વધુ પડતા ઉપયોગથી વ્યસનકારક વર્તન થઈ શકે છે અને વ્યક્તિના સુખાકારી ઉપર પ્રતિકૂળ અસરો થઈ શકે છે. આ અભ્યાસ એવા વ્યક્તિઓ માટે વેક-અપ કોલ છે જેઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર વધુ પડતો સમય વિતાવે છે. દરરોજ માત્ર અડધો કલાક સોશિયલ મીડિયાનો ઉપયોગ ઘટાડીને, વ્યક્તિઓ બહેતર માનસિક સ્વાસ્થ્ય, નોકરીમાં સંતોષ અને એકંદર સુખાકારીનો અનુભવ કરી શકે છે. તેથી, વર્ચ્યુઅલ વિશ્વમાંથી એક પગલું પાછળ લઈને તંદુરસ્ત અને વધુ પરિપૂર્ણ વાસ્તવિકતાનો સ્વીકાર કરવો મહત્વપૂર્ણ છે.

# રાજ્યમાં હાર્ટ એટેકથી મોત થવાનો સિલસિલો જારી : વધુ ૬ વ્યક્તિના હૃદયના ધબકારા બંધ થયા

રાજકોટ તા.૧૯
ગુજરાતમાં હાર્ટ એટેકના બનાવોનો સિલસિલો જારી છે છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટમાં ૩ અને સુરતમાં ૨ બનાવ સામે આવ્યા છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. જોકે, પ્રાથમિક તારણમાં તબીબ દ્વારા હાર્ટ-એટેકથી મોત થયાનું જણાવ્યું હતું. જ્યારે સુરતમાં પણ બે વ્યક્તિના હાર્ટ-એટેકથી મોત નીપજ્યા છે. જેમાં એકનું ઊંઘમાં જ હૃદય બંધ પડી ગયું હતું અને બીજાને ચાલુ બાઈકે છાતીમાં દુખાવો ઊપડતા મોત થયું હતું. જ્યારે વડોદરામાં સ્વિમિંગ બાદ વૃદ્ધ ઢળી પડ્યા હતા અને મોત નીપજ્યું હતું. જેનું હાર્ટ એટેકથી મોત થયાનું સામે આવ્યું છે. રાજકોટના આજી ડેમ ચોકડી પાસે સુંદરમ પાર્કમાં રહેતાં જગદીશ દાનભાઈ બોસિયા (ઉં.વ.૪૨) સવારે ૪ વાગ્યે એકાએક બેભાન થઈ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરંતુ અહીં તબીબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાયો હતો. મૃત્યુ પામનાર જગદીશભાઈ છૂટક મજૂરી કરતાં હતાં. તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું સામે આવ્યું છે. તેમને કેટલાક સમયથી શ્વાસની તકલીફ હોવાનું પણ સામે આવ્યું છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજી ડેમ પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. જેમાં પ્રાથમિક કારણમાં હાર્ટ એટેકથી મોત થયાનું સામે આવ્યું છે.

બીજા બનાવમાં રાજકોટ જિલ્લાના જસદણના દહીંસરામાં રહેતાં જેરામભાઈ લક્ષ્મણભાઈ બારૈયા (ઉં.વ.૫૨) ગત સાંજે રાજકોટના કોઠારિયામાં રહેતા ભત્રીજા રસિકભાઈ બારૈયાના ઘરે મળવા આવ્યા હતા. રાત્રિના એકાદ વાગ્યે એકાએક બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરંતુ ટૂંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું. જેરામભાઈ ખાનગી કંપનીમાં સફાઈનો કોન્ટ્રાક્ટ રાખતા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. જ્યારેમાં ખોખડદળ પુલ પાસે શિવધારા સોસાયટીમાં રહેતા અને કેટલાક સમયથી ઘર છોડી ગોવિંદનગર નજીક મંદિર પાસે જ રહેતા દેવાયતભાઈ નાગદાનભાઈ ધ્રાંગા (ઉં.વ. ૪૮) સાંજે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પરંતુ ટૂંકી સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું. મૃતક અપરિણીત હોવાનું સામે આવ્યું છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. જેમાં પ્રાથમિક કારણમાં હાર્ટ એટેકથી મોત થયાનું સામે આવ્યું છે.



જ્યારે સુરતમાં પણ હાર્ટએટેકથી બે વ્યક્તિનાં મોત નીપજ્યાં છે. જેમાં પ્રથમ બનાવમાં પાંડેસરા વિસ્તારમાં આવેલા પૃથ્વી આકાશ એપાર્ટમેન્ટમાં ૪૬ વર્ષીય ગજાનન અસરૂં સાનપ પરિવાર સાથે રહેતા હતા. રાત્રે સૂઈ ગયા બાદ સવારે ઊઠ્યા જ નહીં. સવારે નહીં ઊઠતા દીકરીએ પિતાને ઉઠાડ્યા હતા. જોકે, તેઓ ઊઠ્યા નહીં. ગજાનન નહીં ઊઠતા તાત્કાલિક સારવાર અર્થે નવી સિવિલ ખસેડાયા હતા. જ્યાં ફરજ ઉપરના હાજર તબીબે જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. મૃતક ગજાનનનાં પત્ની ચંદા સાનપે કહ્યું કે, હું ડ્યૂટીમાં ગઈ હતી. પછી ઘરે આવી તો દરવાજો ખૂલતો નહોતો. પરંતુ ત્યારબાદ સંતાને કડી ખોલીને દરવાજો ખોલ્યો હતો. અમે જઈને જોયું તો તેઓ સૂતા હતા. બાદમાં એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં અડધા કલાક અગાઉ જ મોત થયું હોવાનું તબીબોએ કહ્યું હતું. સાથે જ ડોક્ટરે હાર્ટ એટેકની આશંકા વ્યક્ત કરી હતી. જેથી પોસ્ટમોર્ટમ બાદ જ મોતનું સાચું કારણ બહાર આવી શકશે. પીપલોદ વિસ્તારમાં આવેલા પ્રગતિ નગરમાં ૪૦ વર્ષીય ગોવા રબારી પરિવાર સાથે રહેતા હતા. ગત રોજ બાઈક ચલાવી ઉમરા ગામ ખાતે જઈ રહ્યા હતા. આ દરમ્યાન ચાલુ બાઈક ઉપર જ છાતીમાં દુખાવો થવા લાગ્યો હતો. જેથી બાઈક ઊભું રાખી લીધું હતું, ત્યારબાદ સ્થાનિક લોકોએ ગોવાભાઈને નજીકની હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાંથી વધુ સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

વડોદરામાં સ્વિમિંગ બાદ વૃદ્ધનું હાર્ટ ફેલ : વડોદરાના કારેલીબાગ ખાતે આવેલ સ્વિમિંગ પૂલમાં ગઈકાલે સવારે જતીનકુમાર શાહ સ્વિમિંગ કરવા આવ્યા હતા. જ્યાં શાવર લેતી વખતે અચાનક તેઓ જમીન ઉપર ઢળી પડ્યા હતા. અહીં હાજર અન્ય સ્વીમરો તથા એક તબીબી સ્વીમરે એમને સીપીઆર આપ્યું હતું. પરંતુ તેઓનો કોઈ રિસ્પોન્સ જણાયો નહોતો. હાજર સ્વિમિંગ પૂલના કોચ અને અન્ય સ્વીમરોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા એમ્બ્યુલન્સ દોડી આવી હતી અને ઢળી પડેલા જતીનકુમાર શાહને નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હોવાનું હાજર તબીબે જણાવ્યું હતું. વૃદ્ધનું મોત હાર્ટ અટેકના કારણે થયું હોવાની આશંકા સેવાઈ રહી છે.

# અલનીનોની અસરથી દેશમાં ઘઉંના ઉત્પાદનમાં ૪-૫ ટકાના ઘટાડાની શક્યતા

## ઘઉંના બફર સ્ટોકમાં ઘટાડો થાય તો એવી પણ પરિસ્થિતિ સર્જાય શકે કે ભારતે પણ ઘઉંની આયાત કરવી પડી શકે છે

નવી દિલ્હી, તા.૨૨
ઘઉંના ઉત્પાદનમાં ભારત મોખરે છે. ઘઉંની નિકાસ ઘણા દેશોમાં કરવામાં આવે છે. દેશના મોટાભાગના રાજ્યોમાં ઘઉંનું વાવેતર શરૂ થઈ ગયું છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં જે રીતે ઘઉંનું ઉત્પાદન થયું છે તે હાલ ભારત માટે ચિંતાનો વિષય છે. છેલ્લા બે વર્ષમાં હવામાનના કારણે ઘઉંના પાકને માઠી અસર થઈ છે. વર્ષ ૨૦૨૩ના માર્ચ મહિનામાં જ જૂન-જુલાઈ મહિના જેવી ગરમી પડવાની શરૂ થઈર ગઈ હતી. આથી એકાએક આટલું તાપમાન વધતા ઘઉંના પાકને ઉગાડવાની તક મળી નથી અને ઉત્પાદન ઉપર માઠી અસર પડી હતી. આવું વર્ષ ૨૦૨૨માં પણ થયું હતું, કે જયારે ઘઉંના પાકનો સમય આવ્યો ત્યારે કમોસમી વરસાદના કારણે પાક ઉપર અસર પડી હતી અને તેની ઉપજ પણ સારી રહી ન હતી. કેન્દ્ર સરકાર પાસેથી મળતી માહિતી અનુસાર નવેમ્બર મહિનામાં ઘઉંનો બફર સ્ટોક ૨૧૦ લાખ મેટ્રિક ટન છે. ઘટતા સ્ટોકને કારણે ઘઉંના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. જો કે ભાવમાં ઘટાડો કરવાનો



સરકાર પ્રયાસ કરી રહી છે. જેના માટે બફર સ્ટોકનો ઉપયોગ કરવો પડશે. આવી સ્થિતિમાં ઘઉંના બફર સ્ટોકમાં પણ વધુ ઘટાડો થઈ શકે છે, જે પણ એક ચિંતાનો વિષય છે. આ ઉપરાંત ઘણા રાજ્યોમાં રાજકીય પક્ષો દ્વારા લોકોને મફત ઘઉં અને ચોખા આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે. જેના કારણે બફર સ્ટોકને પણ અસર થઈ શકે છે અને ઘઉંની આયાત પણ કરવી પડી શકે છે. ઓક્ટોબર માસમાં સામાન્ય કરતા ઓછો વરસાદ નોંધાયો હતો. આવી જ પરિસ્થિતિ નવેમ્બરમાં પણ જોવા મળી હતી. આથી દુષ્કાળની સ્થિતિ પણ ઘઉંના પાક માટે નુકસાનકારક સાબિત થાય છે. આથી આકરા તાપના કારણે ઘઉંની વાવણીને અસર થઈ છે. આ ઉપરાંત આ વર્ષને અલ નીનો વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. નિષ્ણાતોના મતે અલ નીનોની અસર ફેબ્રુઆરી પછી વધુ તીવ્ર બનશે. આ પણ એક કારણ હશે કે ગયા વર્ષની સરખામણીમાં તેનું ૪ થી ૫ ટકા ઓછું ઉત્પાદન થઈ શકે છે.અગાઉ ઘઉં, લોટ અને હવે નોન-બાસમતી ચોખાની નિકાસ ઉપર સરકારે પ્રતિબંધ મૂક્યો છે. જે ઉપરથી એવું કહી શકાય કે સરકાર આ બાબતે સાવચેતી વર્તી રહી છે. આ ઉપરાંત ચૂંટણીને ધ્યાનમાં રાખીને સરકારને ખાદ્ય સંકટનો ડર પણ છે તેમજ તે ઘઉંની કિંમતોને નિયંત્રિત કરવા માંગે છે. આ સ્થિતિમાં જો ઘઉંના બફર સ્ટોકમાં ઘટાડો થાય છે તો એવી પણ પરિસ્થિતિ સર્જાય શકે કે ભારતે પણ ઘઉંની આયાત કરવી પડી શકે. વર્ષ ૨૦૧૬માં બફર સ્ટોકમાં ઘટાડો થવાથી રશિયા , યુક્રેન અને ઓસ્ટ્રેલીયા પાસેથી ૫.૭૫ મિલિયન ટન ઘઉં ભારતે આયાત કરવાની જરૂરિયાત ઉભી થઈ હતી. પરંતુ હાલ બધું જ આ વર્ષના ચોમાસા ઉપર નિર્ભર છે.

### આજે લાંબામાં લાંબી રાત્રી - દિવસ ટૂંકો...

# રાજકોટમાં ૧૩ કલાક ૧૪ મિનિટ ની સૌથી લાંબી રાત્રી

અમદાવાદ તા. ૨૨

આજે તા.૨૨ ડિસેમ્બર શુક્રવાર રાત લાંબી અને દિવસ ટૂંકો હોવાનો લોકો અનુભવ કરશે. પૃથ્વી ૨૩.૫ અંશે ઝુકેલી હોવાના કારણે દિવસ - રાતમાં લાંબા - ટૂંકા ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉતરાયણ કહેવામાં આવે છે. પૃથ્વીથીની ધરી સીધી હોત તો દિવસ - રાત ૧૨-૧૨ કલાકની બને છે. આજે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૪ મિનિટની સૌથી લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ભારત જન વિજ્ઞાન જાથા લોકોને દિવસ-રાતના સામાન્ય ફેરફારોનો અનુભવ કરવા અપીલ કરવામાં આવી છે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યાએ જણાવ્યું છે કે આજે રાજકોટમાં રાત્રીના ૧૩ કલાક ૧૪ મિનિટ ૧૧ સેકન્ડ, જૂનાગઢમાં રાત્રિના ૧૩ કલાક ૧૧ મિનિટ ૫ સેકન્ડ, દ્વારકામાં રાત્રી ૧૩ કલાક ૧૩ મિનિટ ૫૯ સેકન્ડ, અમદાવાદમાં ૧૩ કલાક ૧૭ મિનિટ ૧૧ સેકન્ડ, મુંબઈમાં રાત્રીના ૧૩ કલાક એક મિનિટ ૨૭ સેકન્ડ, ઉજ્જૈનમાં રાત્રીના ૧૩ કલાક ૩૬ મિનિટ ૭ સેકન્ડ, દિબ્રુગઢમાં રાત્રી ૧૩ કલાક ૩૬ મિનિટ ૭ સેકન્ડ, કશ્મીરમાં રાત્રી ૧૩ કલાક ૪૩ મિનિટ ૫૬ સેકન્ડ, કન્યાકુમારીમાં રાત્રી ૧૨ કલાક ૨૧ મિનિટ ૯ સેકન્ડ લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ત્યારબાદ તા.૨૩ મી શનિવારથી રાત્રી ક્રમશ ટૂંકી અને દિવસ ક્રમશ લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરિભ્રમણ ગતિ, સૂર્ય હોય છે તો દક્ષિણ ગોળાર્ધમાં પણ તે પૃથ્વી પર તરફ ગતિ કરે છે. નાના - મોટા શહેરોમાં સામાન્ય મિનિટોનો તફાવત જોવા મળે છે. વધુમાં પંડ્યા એ જણાવ્યું કે સૂર્ય તેના આકાશના વિચરણમાં ઉત્તર ગોળાર્ધમાં ૨૩.૫ અક્ષાંશ સુધી જ જાય છે. અને પછી ત્યારથી પાછો ફરે છે. તે ૨૩.૫ અંશ ઉત્તર અક્ષાંશને ઓળંગતો નથી. પૃથ્વી પર ૨૩.૫ ઉત્તર અક્ષાંશને કર્કવૃત કહે છે. પૃથ્વી પર ના ૨૩.૫ દક્ષિણ અક્ષાંશ ને મકરવૃત્ત કહે છે. વિશેષમાં જયંત પંડ્યા જણાવે છે કે પૃથ્વીની ૨૩.૫ અંશે ઝૂકેલી ધરીને કારણે પૃથ્વી ઉપર ઋતુઓ ઉત્પન્ન થાય છે અને ધ્રુવ પ્રદેશો ઉપર છ-છ મહિનાના દિવસ અને રાત થાય છે. પૃથ્વીના ગોળા ઉપર ઊંચે અક્ષાંશ જે બારે માસ ઠંડી રહે છે ત્યાં બારેય માસ બરફ છવાયેલો રહે છે. અંતમાં જાથાએ આકાશ તરફ લોકોને નજર કરતાં થાય અને ખગોળ વિષય ઉપર રૂચિ કહેવાય તે માટે અભિયાન આદર્યું છે. આજે લોકો લાંબામાં લાંબી રાત્રીનો અનુભવ કરી બીજે દિવસથી રાત્રી ક્રમશઃ સેકન્ડની ગણતરીએ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. આ અંગે વિશેષ માહિતી માટે મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ઉના : આર.બી. ફોટોફિલ્મ દ્વારા વાયરલ મેસેજ અંગે લેખિતમાં ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૨

ઉના દીવ વિસ્તારમાં ફોટો શુટિંગ કામ કરતા રાહુલ પી.બારૈયા દ્વારા જૂનાગઢ સાયબર ક્રાઈમ બ્રાન્ચને લેખિત પુરાવા સાથે ફરિયાદ લખાવી, દિવ, ઘોઘલા વિસ્તારમાં લગ્ન પ્રસંગે ફોટો વિડિઓગ્રાફિકનું કામ કરનાર દિવ રહેવાસી રાહુલ પી. બારૈયાને બદનામ કરવા બદઈરાદે તેમની છબી ખરડવા અસામાજીક તત્વો દ્વારા સ્થાનિક દિવ ઘોઘલા વિસ્તારના વોટસએપ ગ્રુપમાં રાહુલ બારૈયા વિરૂદ્ધ ગેરશબ્દો સાથે બદનામ કરવા હેતુ ભ્રામક લખાણ કરી વાયરલ કરવામાં આવેલું જે આર.બી.ફિલ્મના રાહુલભાઈના મિત્રો દ્વારા ધ્યાને આવતા તત્કાળ જ પોલિસ સ્ટેશને પહોંચી વાયરલ થયેલ તમામ વોટસએપ ગ્રૂપના સ્ક્રીન શોટ પાડી ડીવાયએસપી કચેરી ખાતે લેખિતમાં આધાર પુરાવા સાથે ગૃહરાજયમંત્રી અને દિવ કલેક્ટરને સંબોધી લેખિત ફરિયાદ નોધાવી સાથે જણાવ્યું છે કે આવા આવારા તત્વોને વહેલી તકે ઝડપી કાયદાનું ભાન કરાવવામાં આવે. આધાર પુરાવા સાથે ઝડપી આવારા તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે સાથે આવા ખોટા મેસેજ વાયરલ કરી તંત્રને પણ ગુમરાહ કરવાનું કામ આવા તત્વો દ્વારા કરવામાં આવતું હોય સાથે દિવ ઘોઘલામાં ડિસેમ્બર મહિનામાં લાખોની સંખ્યામાં પ્રવાસીઓ તેમજ દેશ વિદેશથી સહેલાણીઓ વર્ષ પુર્ણ થતાં વધાવવા આવતા હોય જો આવા લોકોને ઉગતા ડામવામાં નહિ આવેતો આવનારા દિવસોમાં દિવ ઘોઘલમાં અને સોશિયલ મીડિયામાં આવા લુખ્ખા તત્વોનો આતંક ફેલાવવા રહશે. આ ફરિયાદ નોંધની તત્કાળ તપાસ કરી આવા લોકોને સબક મળે અને લોકોમાં જાગૃતિ સાથે એક ઉદાહરણ સાથે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે એવી માંગ સાથે આર.બી.ફિલ્મના ઓનર રાહુલ બારૈયાએ લેખિત ફરિયાદ નોધાવી છે.

# ઉના ખાતે સામાજિક એકતા જાગૃતિ મિશન ગીર સોમનાથ જિલ્લા સમિતિ દ્વારા કારોબારી સમિતિની બેઠક યોજાઈ

ઉના તા. ૨૨

સામાજિક એકતા જાગૃતિ મિશનગીરી સોમનાથ જિલ્લા કારોબારી સમિતિની બેઠકનું આયોજન ઉનાના વેરાવળ રોડ ખાતે કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય મહેમાન તરીકે કેવલસિંહ રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સામાજિક એકતા જાગૃતિ મિશન સંગઠનની ૧૪ વર્ષ પૂર્વે ૨૦૦૯માં ઉના તાલુકાના એક નાના એવા ગામમાંથી શરૂઆત થઈ હતી અને આ સંગઠન દેશના વિવિધ રાજ્યોમાં સર્વ સમાજના તમામ લોકોનું રાષ્ટ્રીય સંગઠન છે. જે ગુજરાત સિવાય દેશના અલગ અલગ રાજ્યોમાં કામ કરે છે. રાષ્ટ્રના નિર્માણ અને સમાજના કલ્યાણના ઉદેશ સાથે સર્વ સમાજના અનેક યુવાનો આ સંગઠનમાં જોડાયેલા છે. આ સંગઠનનો મુખ્ય કાર્યાલય ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આવેલું છે.

આ યોજાયેલ સામાજિક એકતા જાગૃતિ મિશન ગીર સોમનાથ જિલ્લાની કારોબારી સમિતિની બેઠકમાં પ્રભારી તરીકે ધર્મેશ જેઠવા, સહપ્રભારી જાવેદ મેમણ, અધ્યક્ષ ગોવિંદ વાઢેર, ઉપાધ્યક્ષ એડ કિશન મહેતા તેમજ ભગવાન રામ, મહાસચિવ ગિરીશ ટેવાણી, હનીફ સુમરા, અરજણ લાખણોત્રા, જયંતિ સોલંકી, અરવિંદ ચૌહાણ, સંજય સોંદરવા તેમજ ચિંતન ગઢીયા, હુસેન ભાદરકા સહિતનાઓને રાષ્ટ્રીય સંયોજક કેવલસિંહ રાઠોડના હસ્તે નિમણૂંક પત્ર પાઠવવામાં આવ્યા હતા.

યોજાયેલ કાર્યક્રમમાં બધાભાઈ વિંઝુડા, જસાભાઈ વિંઝુડા, ભાઈદાસભાઈ વાળા, માવજી વાઢેર, વિનુભાઈ ચૌહાણ, રસિક ચાવડા, કરસનભાઈ, ડાયાભાઈ, સાગર પરમાર, કંચનબેન પરમાર તેમજ પોલીસ સ્ટાફ, હોમગાર્ડ જવાન સહિતના મહેમાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સિધ્ધાર્થ ઓઝા (એ.આર.ભટ્ટ) સહ પ્રભારી પૂર્વ ઝોન દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

# મેંદરડા કોર્ટ કમ્પાઉન્ડમાં આરોપીએ વકીલને ધમકી આપ્યા અંગે ફરીયાદ

૨૨

મેંદરડાની કોર્ટમાં આરોપી દ્વારા વકીલને ધમકી આપ્યા અંગે મેંદરડા પોલીસ સ્ટેશન ખાતે લેખિત ફરીયાદ કરવામાં આવેલ છે. આ અંગેની વિગત એવી છે કે, મેંદરડા કોર્ટમાં પ્રેકટીસ કરતા એડવોકેટ જીતેન પી. જોષી આરોપી રાહુલ હકાભાઈ ગાબુ, રહે. બોટાદવાળાનો કેસ લડતા હતા. જે કેસમાં આરોપી નિયમીત હાજર રહેતા ન હોવાને લીધે નામદાર કોર્ટે આરોપી રાહુલ સામે વોરંટ કાઢેલ હતું. જેથી તા.૨૦-૧૨-૨૩ ના રોજ બપોરના સમયે આરોપી રાહુલ હકાભાઈ ગાબુ એડવોકેટ જીતેનભાઈ જોષીને મળેલ અને કહેલ કે મારૂં વોરંટ રદ કરવાનું છે. જેથી એડવોકેટશ્રીએ જણાવેલ કે તમારા કેસની બાકી ફી ચુકવી આપો પછી વોરંટ રદની અરજી કોર્ટમાં કરીશું. જેથી આરોપીએ ઉશ્કેરાઈ જઈ એડવોકેટ જીતેનભાઈને બિભસ્ત શબ્દો બોલી અને ધકકો મારેલ અને કહેલ કે મારી ફાઈલ અને વધારાના રૂા.૧૨ હજાર આપી દે બાકી કોર્ટમાં પહોંચવા નહીં દઉં તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપેલ. આ બનાવ અંગે એડવોકેટ જીતેનભાઈ જોષીએ મેંદરડા પોલીસ સ્ટેશનના પીએસઆઈને લેખિત ફરીયાદ અરજી કરેલ છે. જેમાં વધુમાં જણાવેલ છે કે, આરોપી કે તેના મળતીયા દ્વારા અમારા જીવનું જોખમ હોય અને તેઓ દ્વારા કોઈ અઘટીત પગલું ભરવામાં આવે તે પહેલા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી છે. આ બનાવ અંગે મેંદરડા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ઓનિક્સ રિન્યુએબલ લિમીટેડ દ્વારા ગુજરાતમાં હાઈબ્રીડ પાર્ક અને સોલાર પાર્ક પ્રોજેક્ટના બુકિંગનો પ્રારંભ

### ઓનિક્સ રિન્યુએબલ એ છેલ્લા ૧૫ વર્ષથી ઈન્ડસ્ટ્રીયલ તથા ગવર્નમેન્ટ સેક્ટરમાં સર્વિસ આપતી અગ્રગણ્ય કંપની છે

### ઓનિક્સ રિન્યુએબલ દ્વારા ૧૦૦ ટકા ગુણવત્તાવાળા ૭૦૦ થી વધુ પ્રોજેક્ટ સફળતા પૂર્વક પૂર્ણ કરાયા છે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૨

ઉજ્જવળ ભવિષ્ય માટે આજના સંસાધનમાં માનતી ઓનિક્સ રિન્યુએબલ લિમીટેડ સાથે રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટમાં રોકાણ કરવા ઈચ્છનારાઓ માટે બુકિંગ ચાલુ છે. જેમાં હાઈબ્રિડ પ્રોજેક્ટ (વિન્ડ-સોલાર), સોલાર (રૂફટોપ / ગ્રાઉન્ડ માઉન્ટેડ) અને વિન્ડ (રૂફટોપ/ ગ્રાઉન્ડ માઉન્ટેડ) પ્રોજેક્ટ્સ ને આવરી લેવાયા છે. ISO ૯૦૦૧ : ૨૦૧૫ પ્રમાણિત ઓનિક્સ સોલાર રિન્યુએબલ ૧૫ થી વધુ વર્ષોની કૂશળતા, ૭૦૦ થી વધુ પ્રોજેક્ટ્સ, ૧૦૦ ટકા ગુણવતા અને HSE (હેલ્થ/સેફટી/ પર્યાવરણ) અનુપાલન સાથે સમૃદ્ધ ઉદ્યોગ અનુભવ ધરાવતી અગ્રણી ફાસ્ટ મૂવિંગ રિન્યુએબલ સેક્ટરની કંપનીઓમાંની એક છે અને મોટા પાવર ડિસ્ટ્રિબ્યુશન ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ સેગમેન્ટમાં મજબૂત સ્થાનિક અને વૈશ્વિક હાજરી ધરાવે છે.

ઓનિક્સ રિન્યુએબલ હાઈબ્રીડ પાર્ક અને સોલાર પાર્કમાં રોકાણથી તેની અનેક વિશેષતાઓ ફાયદાઓનો લાભ મેળવી શકાય છે. જેમકે તે જમીન ભાડાપટ્ટે તથા વેચાણથી ઉપલબ્ધ છે. જેમાં ઓછા રોકાણથી ખુદનો પ્લાન્ટ મેળવી શકાય છે. અહિં ઓનલાઈન મોનીટરીંગ, સીસીટીવી કેમેરા તથા સ્ટ્રીટલાઈટ સાથેનો પાર્ક ઓનિક્સ રિન્યુએબલ દ્વારા ઉપલબ્ધ કરાવાય છે. આ પાર્કમાં પાવર તો જનરેટ થશે એ ઉપરાંત તેમાં ફાર્મહાઉસ જેવી એમેનીટીઝ આપવામાં આવશે. જેમકે, સીસીટીવી, સ્ટ્રીટ લાઈટ, ઈલેક્ટ્રીસીટી, ૨૪*૭ સીક્યુરીટી, ઓપરેશન અને મેન્ટેનન્સ સ્ટાફ, બાઉન્ડ્રી, વોટર, ટ્રી પ્લાન્ટેશન, પાવર બેકઅપ વગેરે જેવી.



આ પ્રોજેક્ટ અંતર્ગત કન્ઝ્યુમરની કોન્ટ્રાકટ ડિમાન્ડના સંદર્ભમાં રિન્યુએબલ પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે કેપેસીટી ઉપર કોઈ નિયંત્રણો રહેશે નહી. કન્ઝ્યુમરના વપરાશ સામે રિન્યુએબલ પાવર સેટલમેન્ટ, બિલિંગ સાયકલના આધારે હાથ ધરવામાં આવશે. નિર્ધારિત ગ્રીન પાવર સપ્લાય ટેરિફ ઉપર ગ્રાહકની વિનંતી પર ૧૦૦% રિન્યુએબલ ઊર્જા સપ્લાય કરાશે. રૂફટોપ પ્રોજેક્ટ્સ માટે નેટ મીટરિંગ અથવા ગ્રોસ મીટરિંગનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે. આ અને આવા અનેક લાભો સાથે ઓનિક્સ રિન્યુએબલ લિમીટેડ દ્વારા વિવિધ સ્થાન સાથે તૈયાર સાઈટ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં રોકાણથી સારા વળતરની અપેક્ષા રાખી શકાય છે. આ માટે વધુ વિગત ૯૧ ૯૯૭૮૧ ૮૨૪૭૭ અથવા Website: www.onixrenewable.com ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

# એપલ ફુડ્સના સ્ટોલને ઈનોવેટીવ ડીસ્પ્લે એવોર્ડ મળ્યો




અમદાવાદ તા. ૨૨

વેણુ ગ્રૂપના એપલ ફૂડ્સે ૧૭ થી ૨૦ ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન ગાંધીનગર ખાતે આયોજિત ખાદ્ય-ખુરાક ૨૦૨૩ નામના ભવ્ય એક્ઝીબીશનમાં ભાગ લીધો હતો. ફૂડ એન્ડ બેવરેજ ઈકોસિસ્ટમ માટેનો એક મંચ કે જેની ગણના ગુજરાતના બેસ્ટ એક્સપો તરીકે કરવામાં આવે છે. તેમાં ૧૦૦થી વધુ કંપનીઓએ ભાગ લીધો હતો, અને એપલ ફૂડ્સના સ્ટોલને 'ઈનોવેટિવ ડિસ્પ્લે એવોર્ડ' મળેલ છે. એપલ ફૂડ્સના ડિરેક્ટર્સ ભૂપેશભાઈ કોરાડિયા અને શ્રી રાજેનભાઈ કોરાડિયા તમામ મુલાકાતીઓનો આભાર માને છે અને ભવિષ્યમાં આવા જ સાથ-સહકારની અપેક્ષા રાખે છે.

# ગોંડલ માર્કેટીંગ યાર્ડના વેપારી દ્વારા ભુલથી જમાં થયેલ રૂા.૧.૮૦ લાખ પરત કરતા નરેન્દ્રભાઈ કોટીલા



વિસાવદર તા. ૨૨

ગોંડલ માર્કેટીંગ યાર્ડના વેપારી અશોકભાઈ કથીરીયા (પટેલ) અંજની એન્ટરપ્રાઈઝ દ્વારા ઓનલાઈન પેમેન્ટ રૂા.૧,૮૦,૯૪૭ ભુલથી નરેન્દ્રભાઈ કોટીલા માર્કેટીંગ યાર્ડ વિસાવદરના ડાયરેકટરના ખાતામાં તા.૫-૧૨-૨૩ ના રોજ જમાં થઈ જતાં અશોકભાઈએ આ પેમેન્ટ વિષે તેમના મિત્રને વાત કરી હતી અને બાદમાં ગોંડલ માર્કેટીંગ યાર્ડના વેપારીને સદરહું રકમ પરત કરી આપી પ્રમાણિકતાનું ઉદાહરણ પુરૂં પાડેલ હતું.

# માંગરોળનાં મોટા કલોતપૂરમાં દિપડાએ કર્યું મારણ

### વહેલી સવારે નિશાળ નજીક દિપડાએ શિકાર કરતાં લોકોમાં ભયનો માહોલ



માંગરોળ તા. ૨૨

માંગરોળ પંથકમાં છેલ્લા ઘણા સમયથી દિપડા નાં આંટાફેરા વધતાં લોકોમાં ભયનો માહોલ ફેલાયો રહ્યો છે. આજે વહેલી સવારે મોટા કલોતપૂરમા ખેડૂતનાં વાડામાં બાંધેલી પાડીને ખેંચી જઈ ખેતરમાં ફાડી ખાધી હતી. દિપડાએ શિકાર કરતાં લોકોમાં ફફડાટ ફેલાઈ છે. જે જગ્યાએ દિપડાએ મારણ કર્યું છે ત્યાં નજીકમાં જ સરકારી નિશાળ આવેલી છે. બાળકો નિશાળે જતા પણ ડરી રહ્યા છે. વનવિભાગ નેં જાણ કરી સ્થાનિકોએ દિપડા નેં પાંજરે પૂરવા માંગ કરી છે.

# માનવ જીવનની દરેક સમસ્યાઓનું સચોટ નિવારણ આપતી મોક્ષદાયિની શ્રીમદ્ ભગવદ્ ગીતા

સમસ્યાઓના ઢગલા પર ઉભેલો માનવ આ જગતમાં જન્મ્યો એટલે ભવસાગરમાં આવ્યો એમ કહેવા કરતા સંશય સાગરમાં આવ્યો એમ કહેવું વધુ ઉચિત લાગે છે. સંસાર - સંશય આ અર્થ આત્મજ્ઞાનના માર્ગમાં ઉત્તમ સહાયક થઈ પડે છે. યથાર્થ જ્ઞાનના અભાવે માનવ જીવનની નૌકા સંસાર સાગરની સફરમાં અનેકવિધ દુઃખો અને વિઘ્નરૂપી ખડકો સાથે અથડાયા કરે છે, ફંગોળાયા કરે છે. આ હાલકડોલકથી બચવા, સ્થિર ગતિએ, સ્વસ્થતા - શાંતિ સાથે આગળ વધવા, તેમજ સાંસારિક જગતની અનેક અવનવી વિટંબણાઓથી મુક્તિ પ્રાપ્ત કરવા માણસે શ્રીમદ્ભાગવદ્ગીતા તરફ વળવું અતિ આવશ્યક છે. ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણની જીવન પ્રેરક વાતો છે. જે વાતો અર્જુનને વિષાદમાંથી પ્રસાદ તરફ લઈ જાય છે. એટલે કે શાંતિ તરફનો માર્ગ ખુલ્લો કરી આપે છે. કર્તવ્યચ્યુત અર્જુનને સ્વધર્મ કર્મ કરવા પ્રવૃત્ત કરે છે. અહીં ગીતાકાર ગોવિંદ ઉપદેશક કે ગુરૂ નથી પણ મિત્ર છે. મિત્રભાવે જીવનની સાચી વાસ્તવિકતા સમજાવે છે. જીવનમાં કર્મ કરવાથી તકલીફ થાય છે છતાં કર્મથી મુક્ત થઈ શકાતું નથી તો તકલીફ ન થાય અને કર્મ થાય તે કેમ કરવું તેની સાચી કેડી કંડારતું અધ્યાત્મશાસ્ત્ર એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતા. ગીતાજી કોઈ એક ધર્મનો ગ્રંથ નથી પરંતુ સનાતન વૈશ્વિક નજરાણું છે ત્યારે આપણે તેને જીવનમાં ઉતારવું જ રહ્યું..

મહાભારતના યુદ્ધમાં જ્યારે પાર્થ પોતાનું ધનુષ્ય નીચે મૂકી અને યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણને સંબોધીને કહે છે કે, હે ગોવિંદ !હું યુદ્ધ નહીં કરૂં, કારણ કે સામે પક્ષમાં એટલે કે, કૌરવ પક્ષમાં કોઈ મારા મામા છે, કોઈ મારા કાકા છે, કોઈ મારા ગુરુ છે, તો કોઈ મારા ભાઈ છે, મારા સગા - સંબંધીઓ છે ત્યારે ગીતાકાર ગોવિંદ આ શબ્દો સાંભળતા જ પોતાના સખા અર્જુનને કહે છે, કે હે



પાર્થ ! સામે વાળા કોણ છે એ તું ના જોઈશ !, બસ તું યુદ્ધ કર, યુદ્ધ કરવું એ જ તારો સ્વધર્મ છે, એ જ તારી જવાબદારી છે, સામે કૌરવપક્ષના યોદ્ધાઓને મારવા કે શાશ્વતપદ આપવું એ મારા હાથની વાત છે. આ સમસ્યાનું સમાધાન પણ શ્રીકૃષ્ણભગવાને ગીતાજીના માધ્યમથી આપ્યું હતું. આપણા સૌના જીવનમાં પણ એવું જ કંઈક છે. કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર, ઈર્ષા, તૃષ્ણા, આશા વગેરે દરેક આંતરશત્રુઓને આપણે આપણા સગા વ્હાલા માની લીધા છે.

આ શત્રુઓ સાથે આપણે ક્યારેય પણ યુદ્ધ કરવાની કોશિશ નથી કરી, એટલે આ શત્રુઓ આપણા જીવન ઉપર આક્રમણ કરે છે અને આપણા વાસ્તવિક જીવનને બરબાદ કરી મૂકે છે. આ શત્રુઓની સમસ્યાઓમાંથી બહાર જવાનો કોઈ રસ્તો હોય તો એ છે શ્રીમદ્ ભગવદ્ગીતા. જો જીવનની વચ્ચોવચ્ચ ગીતાજીનું આચરણ કરવામાં આવે તો માનવ માત્રના દરેક દુઃખો અને સમસ્યાઓનો સમૂળગો નાશ થઈ જાય છે.

દુઃખ તો દરેકના જીવનમાં આવતુ જ હોય છે. અર્જુનના જીવનમાં પણ દુઃખ તો હતું જ, પરંતુ અર્જુને શ્રીમદ્ ભગવદ ગીતાના માધ્યમથી ભગવાન શ્રીકૃષ્ણના મોક્ષદાયિ વચનોમાં પૂર્ણ વિશ્વાસ રાખ્યો તો એ દરેક સમસ્યાઓમાંથી મુક્ત થઈ ગયો. એ જ ન્યાયે આપણે પણ જો શ્રીમદ્ ભગવદ્ગીતાજી વાંચીએ, પૂજન કરીએ, મનન કરીએ, ભગવાન શ્રીકૃષ્ણના વચનમાં વિશ્વાસ રાખીએ અને જીવનમાં ઉતારવાની કોશિશ કરીએ તો આપણા માટે પણ શ્રીમદ્ ભગવદ્ગીતા જીવનના દરેક પ્રશ્નોનું સમાધાન કરી આપે છે. મુશ્કેલીના પંજામાં ફસાયેલા માનવીને બહાર કાઢીને આદર્શ જીવન જીવવાની પ્રેરણા આપે છે. આમ નિરાશાને દૂર કરી આશાનો પવન ફૂંકનાર ગીતાજી મનુષ્યને અનાગ્રહી સાંપ્રદાયિકતાથી મુક્ત બનાવે છે. અંતે આગામી તા.૨૩/૧૨/૨૦૨૩ ના રોજ ગીતાજયંતી આવે છે તેની ઉજવણી રૂપે આપણે સૌ કોઈ પરિવાર સાથે શ્રીમદ્ ભગવદ્ગીતાજીનો ૧૦મો, ૧૨મો અને ૧૫માં અધ્યાયનું વાંચન કરીને કંઈક અંશે આવા પ્રેરણાદાયી ગ્રંથના ઋણમાંથી મુક્ત થવાની કોશિષ કરીએ અને આપણા જીવનને ધન્યભાગી બનાવીએ, એ જ આપણું ખરા અર્થમાં સાચું જીવન છે.

**– શાસ્ત્રી જયસ્વરૂપદાસ ગુરૂકુલ, અંકલેશ્વર**

# ઈન્ટાસ દ્વારા વધુ એક મોટો લાઈસન્સિંગ કરાર

અમદાવાદ તા. ૨૨

ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ કંપનીએ યુરોપ અને યુએસએ સહિત ૧૫૦ થી વધુ દેશોમાં **Etanercept** બાયોસિમિલર ટાર્ગેટિંગ ઓટોઈમ્યુન ડિસીઝ માટે **mAbxience** સાથે લાયસન્સિંગ કરારની જાહેરાત કરી છે. આ સહયોગને કારણે ઈન્ટાસ ગ્લોબલ બાયોસિમિલર પોર્ટફોલિયો વધુ મજબૂતબન્યો છે અને વિશ્વસ્તરે ઉચ્ચ-ગુણવત્તાની દવાઓ ઉપલબ્ધ કરવાની કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. **Etanercept** બાયોસિમિલરના વિકાસ, ઉત્પાદન અને પુરવઠા માટે **mAbxience** જવાબદાર રહેશે. આ સહયોગ ઓટોઈમ્યુન રોગોની અદ્યતન સારવાર ઉપલબ્ધ કરવાનું એક મહત્વપૂર્ણ કદમ છે.

### પ્રજાના પ્રશ્ને બેદરકારી દાખવનારા મનપાના નિંભર તંત્ર સામે અવાજ ઉઠાવો

# ઓફિસમાં ઢોલ-નગારા વગાડી મનપાના કમિશ્નર, મેયરને જગાડવા આહ્‌વાન

## ગુજરાતના મુખ્યમંત્રીને વોર્ડ નં-૪ના કોર્પોરેટર મંજુલાબેન પણસારાએ પાઠવ્યો પત્ર

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ મહાનગરપાલિકાના તંત્રવાહકો સામે એટલી બધી ફરિયાદોનો જમેલો ભેગો થયો છે કે, કોઈ ઉકેલ આવી શકે તેવી શકયતા નથી. તો બીજી તરફ લોકો હવે પ્રાથમિક સુવિધાના પ્રશ્ને રસ્તાઓ ઉપર ઉતરી આવ્યા છે અને શાસકો સામે બાયો ચડાવી છે. એટલું જ નહી નિંભર બની ગયેલા તંત્રવાહકોને જગાડવા માટેની પણ બુમ ઉઠી છે. દરમ્યાન જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં-૪ના કોર્પોરેટર મંજુલાબેન પણસારાએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને એક વિસ્તૃત પત્ર પાઠવી પ્રજાને પ્રાથમિક સુવિધા પુરી પાડવાના હેતુથી નિંભર તંત્રને જગાડવા માટે ઢોલ-નગારા વગાડી અને તેમની ઓફિસમાં જાગૃતિનો ઘંટ બાંધવા પણ રજુઆત કરતા ચકચાર મચી ગઈ છે.

આ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર, પ્રાથમિક સુવિધા પુરી પાડવા માટે જાગૃત કરવા મેયર, કમિશ્નરની ઓફિસમાં પણ ઢોલ, નગારા વગાડવાની માંગ કરાઈ છે. આ અંગે વોર્ડ નંબર ૪ના કોંગ્રેસી કોર્પોરેટર મંજુલાબેન પણસારાએ રાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો છે.

ગુજરાત રાજયનાં મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં જણાવાયું છે કે, હાલમાંજ ખરાબ રસ્તાના કારણે એક યુવાનનો ભોગ લેવાયો છે. એકતરફ મનપાની હાઉસ ટેક્ષ શાખાના કર્મીઓ જેમનો હાઉસ ટેક્ષ બાકી હોય તેમના ઘરે જઈ ઢોલ, નગારા વગાડી તેને જાગૃત કરવા પ્રયાસ કરે છે. તો બીજી તરફ જૂનાગઢની પ્રજાને છેલ્લા ૧૫ વર્ષથી પ્રાથમિક સુવિધા મળી નથી. માટે જે રીતે ટેક્ષ ન ભરનારના ઘરે ઢોલ વગાડી તેને જાગૃત કરાય છે તે રીતે હાઉસ ટેક્ષ શાખાના સ્ટાફે પ્રથમ તો કમિશ્નર અને મેયરની ઓફિસમાં ઢોલ, નગારા વગાડી તેમને પ્રજાને સારા રોડ, રસ્તા, ગટર, પાણી, સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા માટે જાગૃત કરવાની જરૂર છે. સાથે પ્રાથમિક સુવિધાથી વંચિત હોવા છતાં જેમણે ટેક્ષ ભર્યો છે તેને પ્રાથમિક સુવિધા પૂરી ન પાડી શકનાર મનપાએ ટેક્ષની રકમ પરત કરવી જોઈએ. પ્રજાને પુરતી પ્રાથમિક સુવિધા મળે પછી જ ટેક્ષની ઉઘરાણી કરવી જોઈએ.

# જૂનાગઢમાં નવી ગટર બનાવવાની કામગીરી સામે વેપારીઓનો જોરદાર વિરોધ : મનપાને કામ અટકાવી દેવાની ફરજ પડી



## માંગનાથ રોડ ઉપર નવાબી કાળની ૮ થી ૧૦ ફૂટની ગટર હોવા છતાં મનપાને નવી ગટર બનાવવી હતી પરંતુ આખરે મનપાએ ઝુકવું પડયું

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ શહેરમાં પ્રાથમિક સુવિધાના પ્રશ્નો તો અનેક છે અને આ અણઉકેલ પ્રશ્ને લોકોમાં રોષનો દાવાનળ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ ગટર બનાવવાની આડેધડ કામગીરીના કારણે પણ જનતા હવે રસ્તા ઉપર ઉતરી આવી છે. ગઈકાલે બનેલા બનાવમાં માંગનાથ રોડમાં નવી ગટર બનાવવાના પ્રશ્ને વેપારીઓ રસ્તા ઉપર ઉતરી ગયા હતા અને રામધુન કરી હતી.

આખરે મનપાએ આ કામગીરી અટકાવવાની ફરજ પડી હતી. આ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢના માંગનાથ રોડ ઉપર નવી ગટર બનાવવાની કામગીરી શરૂ થતા જ વેપારીઓએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. વેપારીઓએ ધરણાં કરી, રામધૂન બોલાવી વિરોધ કરતા મનપાએ આખરે ભૂગર્ભ ગટરનું કામ અટકાવવાની ફરજ પડી હતી. આ અંગે માંગનાથ રોડ વેપારી એસોસિએશનના પ્રમુખ ભૂપેન્દ્રભાઈ તન્નાએ જણાવ્યું હતું કે, અહિં જૂની નવાબી કાળની ૮ થી ૧૦ ફૂટ ઉંડી ગટર છે. તેમ છતાં મહાનગરપાલિકા નવી ગટર બનવાવા ઈચ્છે છે જેમાં ૮ ઈંચના પાઈપ નાંખે છે. પરિણામે ગટર જામ થવાની સંભાવના છે. અહીં આરસીસી રોડ છે.

પ્રજાને ગટરની કોઈ ફરિયાદ નથી છતાં ગટર બનાવવા રોડ ખોદશે તો ત્રણથી ચાર મહિના સ્થાનિક રહેવાસીઓ, ગ્રાહકો અને વેપારીઓ હેરાન પરેશાન થઈ જશે. અહિં આખો વિસ્તાર જ ઢાળ વાળો છે જેમાં ગટરની જરૂર જ નથી. પરિણામે ધરણાં અને રામધૂન બોલાવી વિરોધ કરી ગટરનું કામ અટકાવ્યું છે. આતો માત્ર આવેલી ગ્રાન્ટ ધરાર વાપરી નાંખવા જેવું છે. જ્યારે જાગૃત નાગરિક તુષાર સોજીત્રાએ જણાવ્યું હતું કે,ખોટી રીતે ગટર બનાવવાનું શરૂ કરાઈ રહ્યું હોવાનું જાણવા મળતા તુરત પહોંચી ગયા હતા અને તંત્રને સદબુદ્ધિ દે ભગવાન નામે રામધૂન બોલાવી હતી. આતો ચૂંટણી આવે એટલે પ્રજાના કામો યાદ આવે છે. જૂની ગટરને સાફ કરવાના બદલે નવી ગટર શા માટે બનાવવા ઈચ્છે છે ? ૮ થી ૧૦ ફૂટના બદલે ૮ ઈંચના પાઈપ નાંખશે તો ગટર જામ થવાની સંભાવના વધી જશે.માટે રજૂઆત કરતા હવે નવું ખોદાણ તો નહિ કરે પરંતુ જ્યાં ખોદકામ થયું છે ત્યાં ૮ ઈંચના બદલે દોઢ ફૂટ એટલે કે ૧૮ ઈંચના પાઈપ નખાશે. પછી તેના પર ૫ ઈંચ જાડાઈનું આરસીસી પેચવર્ક તાત્કાલીક કરી અપાશે તેવી મનપાએ ખાત્રી આપી છે. આમ, લોકો- વેપારીઓ જાગૃત થતા પ્રજાન લાખ્ખો રૂપિયાનો વેડફાટ અટક્યો છે સાથે થનાર હાલાકી પણ અટકી છે.

# જૂનાગઢના ભવનાથ વિસ્તારમાં ધાર્મિક જગ્યામાં પાપલીલા થતી હોવાનાં ચોંકાવનારા વિડીયો બહાર આવતા સનસનાટી







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ ભવનાથ વિસ્તારમાં આવેલા જાણીતા ધાર્મિક ક્ષેત્ર લોકોના માટે આસ્થાનું કેન્દ્ર બ છે અને ભાવિકો સંતોના દર્શન માટે તેમજ ધાર્મિક સંસ્થામાં દર્શન માટે આવતા હોય છે. પરંતુ તાજેતરમાં બનેલી એક ઘટનામાં ધાર્મિક સ્થાનોની ગરીમાને લાંછન લાગે એવું અત્યંત શરમજનક કૃત્યું સામે આવ્યું છે.

જેમાં મળતી વિગત અનુસાર, ભવનાથ ક્ષેત્રમાં આવેલા એક ધાર્મિક સ્થળમાં પાપલીલા થતી હોવાના બનાવનો પર્દાફાશ થયો છે. આ અંગે ચર્ચાતી વિગત અનુસાર એક ધર્મસ્થાનમાં એક મહિલા ખરાબ કૃત્ય કરતી હોવાનું સામે આવ્યું છે અને આ ઘટનાની સત્ય સાબિતી આપતી તસ્વીર પણ જોવા મળી છે. જેમાં ધાર્મિક સંસ્થાના વડાઓ દ્વારા ઉગ્ર આક્રોશ વ્યકત કરવામાં આવેલ છે અને કહેવાતી આ મહિલાને પોલીસને હવાલે કરવામાં આવી હોવાનો વિડીયો વાયરલ થયો છે. જો આવું કૃત્ય થયું હોય તો આ ઘટના સાચે જ કલંક સમાન અને શરમજનક છે.

# જૂનાગઢમાં આંબેડકરનગરમાં જીવલેણ હુમલા પ્રકરણમાં યુવાનનું રાજકોટ સારવાર દરમ્યાન થયેલું મૃત્યું : ખૂનનો ગુનો દાખલ



(ધીરૂ સોની દ્વારા) જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ શહેરનાં આંબેડકરનગર વિસ્તારમાં તાજેતરમાં એક યુવાન ઉપર છરી વડે હુમલાનો બનાવ થયો હતો. ગંભીર રીતે ઘવાયેલા આ યુવાનને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ લઈ જવામાં આવેલ આ દરમ્યાન ગઈકાલે છ દિવસની સારવાર બાદ જીગ્નેશભાઈ વાળાનું રાજકોટ ખાતે મૃત્યું થતા આ બનાવ હત્યામાં પલાટયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના આંબેડકરનગરમાં દશામાના મંદિર પાસે રહેતા જીગ્નેશભાઈ વાળા(ઉ.વ.૨૭) નામનો યુવાન ૧૫ ડિસેમ્બરની રાત્રે તેનાં બહેન હંસાબેન સાથે માવો ખાવા ગયો હતો અને બાદમાં ભાઈ-બહેન પરત આવતા હતા ત્યારે મયુર સોલંકી ગાળો બોલતો હોય તેથી જીગ્નેશ વાળાએ તેને ગાળો બોલવાની ના પાડતા આ ઈસમે ઉશ્કેરાઈ જઈને છરી વડે હુમલો કરતા યુવકને પેટ તેમજ પડખા સહિત શરીરના ભાગે ઈજા થતા ૧૦૮ મારફતે જીગ્નેશને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને બાદમાં તેને રાજકોટ વધુ સારવાર અર્થે રિફર કરાયો હતો. આ બનાવ અંગે યુવાનના ભાભી કિરણબેન રાહુલભાઈ વાળાની ફરિયાદ લઈ એ ડીવીઝન પોલીસો હત્યાની કોશીષનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન ગુરૂવારે ૬ દિવસની સારવાર દરમ્યાન જીગ્નેશ વાળાનું રાજકોટ ખાતે મૃત્યું થતા બનાવ હત્યામાં પલટાયો હતો. તપાસનીશ અધિકારી પીઆઈ વી.જે. સાવજે જણાવ્યું કે, આ બનાવમાં તે સમયે આરોપીની છરી સાથે ધરપકડ કરી લેવામાં આવી હતી અને ૨૪ કલાકમાં એફએસએલ સહિતનું ઈન્વેસ્ટીગેશન પુર્ણ કરીને આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. હવે યુવાનનું સારવાર દરમ્યાન મૃત્યું થતા આ બનાવમાં આરોપી સામે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે.

## જૂનાગઢ-કેશોદ નેશનલ હાઈવે ઉપર મોટરસાઈકલે હડફેટે લેતા વૃધ્ધનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) કેશોદ તા.૨૨

જૂનાગઢ-કેશોદ નેશનલ હાઈવે રોડ ઉપર સોમનાથ હોટલ પાસે સહજાનંદ પેટ્રોલ પંપ સામે જૂનાગઢ તરફથી આવતા ટ્રેક ઉપર એક મોટરસાઈકલે વૃધ્ધને હડફેટે લેતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું સારવાર દરમ્યાન મત્યું થયું છે. આ બનાવ અંગે કેશોદ પોલીસે આપેલી વિગત અનુસાર, નાનુભાઈ ખીમાભાઈ આંત્રોલીયા (ઉ.વ.૩૬) રહે. હાલ કેશોદ, જૂનાગઢ હાઈવે રોડ વાળાએ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, મોટરસાઈકલ નંબર જીજે-૧૧-સીએફ-૨૫૭૩ના ચાલક જગદિશભાઈ પરમાર રહે.કંકાણા તા.માંગરોળ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ પોતાની મોટરસાઈકલ રજી. નં.જીજે-૧૧-સીએફ-૨૫૭૩ વાળી ફુલ સ્પીડમાં અને ગફલતભરી રીતે હંકારી લાવી જૂનાગઢ કેશોદ નેશનલ હાઈવે રોડ ઉપર સોમનાથ હોટલ, સહજાનંદ પેટ્રોલ પંપ સામે જૂનાગઢ તરફથી આવતા ટ્રેક ઉપર પહોંચતા ખીમાભાઈ નારણભાઈ આત્રોલીયા (ઉ.વ.૭૮) વાળા રોડ ક્રોસ કરતા હોય જેને હડફેટે લઈ રોડ ઉપર પછાડી માથામાં તથા ડાબા હાથમાં તથા ડાબા પગમાં ગંભીર ઈજાઓ પહોંચાડતા ઈજાગ્રસ્તનું સારવાર દરમ્યાન મૃત્યું પામતા આરોપી મોટરસાઈકલ ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

# જૂનાગઢ બાર એસોસિએશનની આજે રસાકસીભરી ચૂંટણી : સંબંધિત તમામની મીટ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ બાર એસોસિએશનની આજે ચૂંટણી યોજાઈ રહી છે. ત્યારે વકીલોમાં ભારે ઉત્સાહ પ્રર્વતી રહ્યો છે. આ ચૂંટણીમાં કુલ ૫૩ ઉમેદવારોએ ઝંપલાવ્યું છે. ત્યારે ૭૬૬ વકીલો- મતદારો ૫૩ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. શુક્રવારે સાંજ સુધીમાં મતદાન પૂર્ણ થશે અને બાદમાં શનિવારે મતગણતરી થશે જેમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે. આ અંગે બાર એસોસીએશનની યોજાનાર ચૂંટણીના મુખ્ય ચૂંટણી અધિકારી આર.ડી. ઠાકરે જણાવ્યું હતું કે, બાર એસોસિએશનની ચૂંટણીમાં વિવિધ હોદ્દા માટે ૫૩ ઉમેદવારો મેદાનમાં છે જેમના ભાવિનો ફેસલો ૭૬૬ મતદારો કરશે. ખાસ કરીને પ્રમુખપદ માટે ૩, ઉપપ્રમુખ પદ માટે ૫, સેક્રેટરી પદ માટે ૩, જોઈન્ટ સેક્રેટરી પદ માટે ૪, ટ્રેઝરર પદ માટે ૩, સિનીયર કારોબારી માટે ૭, મહિલા અનામત કારોબારી માટે ૪ અને કારોબારી સભ્ય માટે ૨૪ ફોર્મ મંજૂર થયા હોય આમ કુલ ૫૩ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં છે. દરમ્યાન આજે યોજાઈ રહેલી ચૂંટણીમાં પ્રમુખપદ માટે જયદેવ જોષી અને દિપેન્દ્ર યાદવ વચ્ચે સ્પર્ધા છે. જ્યારે સેક્રેટરી પદ માટે મનોજ દવે અને ભાવેશ ઝીંઝુવાડીયા વચ્ચે સ્પર્ધા છે. આજે ૨૨ ડિસેમ્બર- શુક્રવારના સવાર ૧૦ વાગ્યાથી લઈને સાંજના ૫ વાગ્યા સુધી મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને આવતીકાલે ૨૩ ડિસેમ્બર- શનિવારના સવારના ૧૦:૩૦ વાગ્યાથી મત ગણતરી શરૂ થશે અને આખરી પરિણામ આવે ત્યાં સુધી ગણતરી ચાલુ રહેશે. આમ શનિવારે ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ છે.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૯૦૦૨


# પુષ્ટિસંસ્કારધામ શિલાન્યાસ મહોત્સવનું ભવ્ય સમાપન : સાત દિવસોમાં મેઘધનુષીય સંસ્કૃતિ થઈ ઉજાગર










(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

તારીખ ૧૪ ડિસેમ્બર ઉદ્‌ઘાટીત થયેલ પુષ્ટિ સંસ્કારધામ શિલાન્યાસ મહોત્સવના સાત દિવસો જાણે આંખ ઝપકતા પૂર્ણ થયા, પરંતુ આ સાત દિવસમાં જાણે મેઘધનુષ્યના સાત રંગોની જેમ વિવિધ કલા સંસ્કૃતિ માણવા મળેલ હતો. અંદાજિત ૪ થી ૫ લાખ મુલાકાતીઓમાં બાળકોથી માંડી ઉલ્કાઓથી માંડી સિનિયર સિટીઝનો સુધીનો સમાવેશ થયેલ હતો. આ દરેક ભાવિક હૃદયગંમ રીતે આ મહોત્સને નિહાળ્યો, જાણ્યો અને માણ્યો હતો. જેનાથી દરેક વડીલોના હૃદયમાં સનાતન ધર્મ પ્રત્યે આસ્થા વધુ દ્રઢ બની, તો જેને ધ્યાનમાં રાખીને આ આયોજન થઈ રહ્યું છે તે નવી પેઢીને તો એક નવીનતમજીવનશૈલીની દ્રષ્ટિ પ્રાપ્ત થઈ હતી. ગોસ્વામીશ્રીપીયૂષબાવા પ્રેરિત ‘સંસ્કાર મૂલ્યો’માંથી બાળકોએ પ્રેરણા લઈને સંસ્કૃતિનો પરિચય અને ટેકનોલોનો પોઝિટિવ ઉપયોગ પ્રાપ્ત કર્યો હતો. આ મહોત્સવનું બીજું મહત્વનું પાસું એટલે ૩૬ જેટલી સાંસ્કૃતિક કૃતિઓમાં થયેલ ધર્મ અને દેશભકિતનુ સંધાન. દૂર-દૂરના ગામોથી લઈ જુનાગઢના બાળકોએ અદભુત કલા પ્રસ્તુતિ કરી, જેની પાછળ તેમના શિક્ષકોએ કરેલ અથાક મહેનત દેખાતી હતી. પ્રદર્શનમાં પણ સતત સાત દિવસ સુધી પુષ્ટિસંસ્કાર સ્કૂલના બાળકોએ મુલાકાતીઓને પ્રભાવિત કરેલ હતા. સમગ્ર આયોજન માટે ગામો-ગામની વિવિધ સમિતિના ગઠન થયેલ જેમાં ૩,૦૦૦ થી વધુ સ્વયંસેવક ભાઈ- બહેનોએ દરેક પરિસ્થિતિમાં સમર્પિત સેવાઓ આપી હતી. જેને બિરદાવતા સમાપન સમારોહમાં ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીએ દરેકને અભિનંદન આપી ખેસ અર્પણ કરેલ હતો. આપશ્રીએ જાહેર કરેલ ‘આપણો સંકલ્પ - આપણુપુષ્ટિ સંસ્કારધામ’ ઉપસ્થિત વૈષ્ણવોએ વધાવી લીધેલ. એકંદરે પુષ્ટિસંસ્કારધામના આ શીલાન્યાસ મહોત્સવમાં ભૂતકાળની ભવ્ય સંસ્કૃતિ ઉપર, વર્તમાનમાંઆનંદમય રીતે, ભવિષ્યના ઉત્તમ સમાજનો પાયો નખાયો.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.